







# કાવ્ય-કડી

સંપાદકો :
ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, રમેશ ત્રિવેદી
નટવર પટેલ, ડૉ. ધર્મેન્દ્ર પટેલ






પ્રકાશક
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ-કડીનું
નાજુક નમણું નજરાણું

# કાવ્ય-કડી

સંપાદકો :
ડો. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રમેશ ત્રિવેદી
નટવર પટેલ
ડો. ધર્મેન્દ્ર પટેલ

પ્રકાશક
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
ગાંધીનગર

**Kavya-Kadi**
(A collection of Poems of Shree Mohanlal Patel
Sahitya Vartul - Kadi, Edited by Dr. Prasad Brahmbhatt,
Ramesh Trivedi, Natvar Patel & Dr. Dharmendra Patel)

Published by Kadi Sarva Vishwa Vidyalaya, Gandhibagar, 2025

© પુસ્તકના સંપાદકના; જે-તે કૃતિના જે-તે કવિના


**First Edition - 2025**
નકલ : **500**
**Price : Rs. 200/-**

ટાઈપ સેટિંગ્સ-લેઆઉટ :
**વિજય સોલંકી** (૯૪૨૮૧૧૧૩૫૩)

**પ્રકાશક : કડી સર્વ વિશ્વ વિદ્યાલય**
સર્વ વિદ્યાલય કેમ્પસ, સેકટર-૨૩, ગાંધીનગર.

મુદ્રક : **ભાવિક પબ્લિકેશન પ્રા.લિ.**, અમદાવાદ.

# અર્પણ




**સ્વ. મોહનલાલ પટેલ**

(૧૯૨૭-૨૦૨૦)

કડીના સર્જકો માટે સાહિત્ય ચેતનાનું પ્રેરકબળ પૂરું પાડનાર

તથા

લઘુકથાના જનકને...



**સ્વ. માણેકલાલ એમ. પટેલ**

(૧૯૨૭-૨૦૧૨)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના પૂર્વ પ્રેસિડેન્ટ

તથા

**શ્રી મોહનલાલ સાહિત્યવર્તુળ,**

કડીના પૂર્વ મુખ્ય ટ્રસ્ટી અને શિક્ષણપ્રેમી...

જેમના થકી સાહિત્યવર્તુળને બળ મળ્યું.

# શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ
# સંક્ષિપ્ત પરિચય

**- રમેશ ત્રિવેદી**

ઈ.સ. ૧૯૬૨ના અરસામાં એક દિવસ કડીના સર્જકો શ્રી સીતારામ શર્માના નિવાસસ્થાને મળ્યા અને અનૌપચારિક રીતે કડીના વાર્તાવર્તુળનો આ આરંભ હતો. પછી આ મિત્રો સાહિત્ય- ગોષ્ઠિ માટે અવારનવાર મળતા રહ્યા. શરૂઆતમાં આ વર્તુળમાં સીતારામ શર્મા, રામજીભાઈ કડિયા, મહેશ દવે, ભગવત સુથાર, રમેશ ત્રિવેદી, દિલીપ રોય અને મોહનલાલ પટેલ હતા. પછી સીતારામ શર્માનું અવસાન થયું અને મહેશ દવે અધ્યાપક તરીકે અમદાવાદ ગયા. પછીથી ડો.બિપીન પરીખ, ઉપેન્દ્ર રાવળ, કાન્તિ રામી વગેરે ઉમેરાયા. વર્તુળમાં સાહિત્યગોષ્ઠિ ઉપરાંત સભ્યોની નવી રચાયેલી કૃતિઓ વંચાતી અને એમના પર ટીકા-ટિપ્પણી અને ચર્ચા થતાં, એટલે આ વર્તુળ કડી બહાર 'કડી વાર્તાવર્તુળ' તરીકે ઓળખાવા લાગ્યું.

વર્તુળના સભ્યો નવલકથાઓ પણ લખતા હતા. પીતાંબર પટેલે આ વર્તુળને 'આરામ' માટે 'વહેતી વાર્તા' લખવાનું આમંત્રણ આપ્યું ત્યારે વર્તુળે 'આરામ' માટે બે 'વહેતી વાર્તાઓ' (જુદા જુદા સર્જકો દ્વારા રચાતી નવલકથાને શ્રી પીતાંબર પટેલ 'વહેતી વાર્તાઓ' તરીકે ઓળખાવતા હતા.) લખી હતી. કડીના વાર્તાવર્તુળનું આ બધું સર્જન તો ખરું, પણ એનો પ્રકૃતિ વિશેષ તો લઘુકથા સર્જનનો.

વર્તુળના સભ્યોની લઘુકથાઓનો એક સંગ્રહ વર્તુળના સભ્યોએ જ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો. સંગ્રહ તૈયાર થયો. પ્રકાશકનું નામ જોઈએ. સૌએ વર્તુળના મંત્રી તરીકે શ્રી રામજીભાઈ કડિયાને સ્થાપ્યા. સાથે સાથે પ્રમુખ તરીકે મોહનલાલ પટેલનું નામ નક્કી થયું. વર્તુળ તરફથી પહેલું પ્રકાશન પ્રગટ થયું '૪૦ લઘુકથાઓ'.

વર્તુળ હવે વધારે સક્રિય બન્યું. એનો વ્યાપ વધતો ગયો. બેઠકો વધતી ગઈ. એક વખત કડી લાયન્સ ક્લબ તરફથી કડીના જાણીતા ઉદ્યોગપતિ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી તેમજ કડી નાગરિક બેંકના ચેરમેન શ્રી માણેકલાલ પટેલે કડી-વાર્તાવર્તુળને

શ્રી મોહનલાલ પટેલના નામ સાથે જોડવાનું સૂચન કર્યું. અને જો એમ થાય તો એમણે રૂપિયા એક લાખની સખાવતની જાહેરાત કરી. સૌએ હર્ષભેર આ સૂચનને વધાવી લીધું. લાયન્સ કલબ અને અન્ય શુભેચ્છકોએ પણ સૂચિત સાહિત્યવર્તુળનું નવું નામ 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' આપવાનો સંકલ્પ જાહેર કર્યો.

કડી નાગરિક બેંક તરફથી વર્તુળને રૂપિયા એક લાખનું તેમજ લાયન્સ કલબ અને અન્ય શુભેચ્છકો તરફથી સારાં દાન મળ્યાં અને તા. ૨૬-૦૨-૧૯૯૬ના રોજ વર્તુળનો નામાભિધાન સમારંભ થયો. જેમાં સર્વશ્રી રઘુવીર ચૌધરી, વિનોદ ભટ્ટ અને રતિલાલ બોરીસાગર પણ ઉપસ્થિત રહ્યા હતા. હવે વર્તુળ 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' બન્યું. વર્તુળે બંધારણ તૈયાર કર્યું. એની રજિસ્ટર્ડ ટ્રસ્ટ તરીકે ઈ-૩૭૧૬/મહેસાણા તા.૧૮-૦૪-૧૯૯૫થી નોંધણી પણ થઈ ગઈ.

નામાભિધાન સમારંભ વખતે જ સાહિત્યવર્તુળ તરફથી કડીના સર્જકોની લઘુકથાઓ અને અન્ય વિવેચનોના અભ્યાસલેખોનો ગ્રંથ 'કથાસેતુ' લોકાર્પિત થયો. પ્રકાશન સાહિત્યવર્તુળનું હતું.

શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ તરફથી સાહિત્ય તેમજ શિક્ષણના ક્ષેત્રમાં અનેકવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. જેમાં ગોષ્ઠિ, સેમિનાર, વર્કશોપ, પ્રવચનો, વ્યાખ્યાનમાળા વગેરેનું આયોજન થયા કરે છે. સાહિત્યવર્તુળ દ્વારા પ્રકાશિત ત્રીજું પુસ્તક 'લઘુકથા વિશેષ' છે. જે લઘુકથાસ્પર્ધાનું આયોજન થયેલું, તેમાં વિજેતા કૃતિઓ, અન્ય નિમંત્રિત સર્જકોની કૃતિઓ તેમજ અભ્યાસીના લેખોને કારણે ધ્યાનાકર્ષક બન્યું છે. ભાવકો, સર્જકો માટે એ ઉપયોગી સિદ્ધ થયું છે.

આ સાહિત્યવર્તુળના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે ડો.રમેશભાઈ વ્યાસે નોંધપાત્ર સેવાઓ આપીને નિવૃત્તિ લીધી છે ને હવે તે સેવાઓ માટે શ્રી શૈલેશ પટેલને નિયુક્ત કર્યા છે. તદ્ઉપરાંત સાહિત્યવર્તુળને ૨૦૨૧માં પચીસ વર્ષ પૂરાં થયાં ત્યારે રજતજયંતી વર્ષ નિમિત્તે એક સંપાદિત પુસ્તક 'કડીનગરનું બાળસાહિત્ય' પ્રગટ કર્યું છે.

❖❖❖

# પ્રાક્કથન



શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, કડીની સ્થાપના આજથી લગભગ અઢી દાયકા પૂર્વે ઈ.સ. ૧૯૯૬માં કડીની સર્વ વિદ્યાલય સંસ્થામાં તે સમયના સંસ્થાના પૂર્વપ્રમુખ શ્રી સ્વ. માણેકલાલ એમ. પટેલના યોગદાનથી થઈ હતી. આજ સુધીના સમયગાળામાં લગભગ ત્રીસેક સર્જકો વિવિધ સાહિત્ય પ્રકારોમાં સર્જનરત રહ્યા છે. આવી સાહિત્યિક આબોહવાને લીધે કડીનગરને જાણીતા વિવેચક શ્રી રમણ પાઠક 'વાર્તાકારોની નગરી' તથા શ્રી ભગવતીકુમાર શર્મા 'લઘુકથાનું કાશી' કહીને નવાજે છે.

સાહિત્યવર્તુળને ૨૦૨૧માં પચીસ વર્ષ પૂરાં થતાં હતાં. તે નિમિત્તે અમે 'કડીનગરનું બાળસાહિત્ય' નામે સરસ સંગ્રહ સર્જક-પરિચય સાથે બહાર પાડ્યો હતો. ત્યાર બાદ કડીના સર્જકોની વાર્તાઓનો સંગ્રહ 'વાર્તા-કડી' સંપાદકોએ તૈયાર કર્યો છે તેનો હું આનંદ વ્યક્ત કરું છું. આ 'વાર્તા-કડી' પુસ્તક હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણના ગુજરાતી વિષયના પ્રથમ વર્ષમાં પાઠ્યપુસ્તક તરીકે પસંદગી પણ પામ્યું છે. અહીં મોહનભાઈ પટેલથી લઈ હાલના સમયમાં સક્રિય એવા ડો. ધર્મેન્દ્ર પટેલ સુધીના વાર્તાકારોની નવલિકાઓ સમાવિષ્ટ છે. કડીનગર હવે તો ઘણું વિકસિત થયું છે. તેનો વ્યાપ વધતાં સર્જકો પણ વધ્યા છે. મારા પિતાશ્રીના અવસાન બાદ આ સંસ્થાના મુખ્ય ટ્રસ્ટીશ્રી તરીકે મારે જોડાવાનું થયું અને એ નિમિત્તે મારે સાહિત્યમાં પણ આડકતરી રીતે રસ લેવાનું થયું તેનો મને આનંદ છે.

સાહિત્યવર્તુળે આ અગાઉ '૪૦ લઘુકથા', 'લઘુકથા

વિશેષ', 'કથાસેતુ', 'કડીનગરનું બાળસાહિત્ય' વગેરે સંપાદનો પ્રગટ કર્યાં છે.

અમારા ગુરુવર્ય શ્રી રમેશભાઈ ત્રિવેદીને વર્ષ ૨૦૨૪નો 'ગિજુભાઈ બધેકા પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો. શ્રી નટવર પટેલને 'દિલ્હી અકાદમી બાળ સાહિત્ય' સન્માન પ્રાપ્ત થયું. કડીના ઉત્તમ ગઝલકાર શ્રી બાબુલાલ ચાવડા 'આતુર'ને 'શયદા એવોર્ડ' આપવામાં આવ્યો તો કડીના બાળસાહિત્યકારો પર શ્રી જયેશ પટેલે પીએચ.ડી. પદવી મેળવી એ અમારા સાહિત્યવર્તુળની સક્રિયતાનું જ ઉત્તમ પ્રમાણ છે. 'કાવ્ય-કડી'ના પ્રાગટ્ય પ્રસંગે તેમાં સમાવિષ્ટ કવિઓને અને સંપાદકોને અભિનંદન આપું છું.

**વલ્લભભાઈ એમ. પટેલ**

મુખ્ય ટ્રસ્ટીશ્રી,

શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, કડી

# કાવ્ય..કડી સાં..ક..ળિ..યું


● શ્રી મો.પ.સા.વ. પરિચય રમેશ ત્રિવેદી **V**

● પ્રાક્કથન - વલ્લભભાઈ પટેલ **VI**

● સંપાદકીય પ્રસાદ બ્રહ્મભટ્ટ **IX**

૦૧. **સીતારામ જે. શર્મા** ('વિજય કે મૃત્યુ ?') **૧**

૦૨. **ડૉ. રણજિત પટેલ 'અનામી'** (૧.'ગળ્યાં આજે એવાં ') **૨**

૦૩. **રતિલાલ સાં. નાયક** (૧. લાલ પાની, ૨. સાસરે જતી બહેનીને ૩. રૂપની ભેટ ૪. રાહ જોઉં ૫. ઊંચકાવા મચ્યું છે ! ૬. બસ યાચ્યું એટલું) **૩**

૦૪. **દિનેશ કોઠારી** (૧. ટન ટન ટકોરા, ૨. અઢળક ઢળિયો રે શામળિયો ૩. સમણાં લ્યો રે) **૮**

૦૫. **પન્ના નાયક** (૧. તને ખબર છે ? ૨. ફરીથી *Tropical,* ૩. પ્રતીતિ ૪. સાંજનો સમય : દરિયાકાંઠો ૫. યાદ આવે છે ૬. કોઈની બુદ્ધિના પાંજરામાં ૭. તું તારાં આંગળાં) **૧૦**

૦૬. **ડૉ. ચિનુ મોદી 'ઈર્શાદ'** (૧. આપણાં સંબંધના ૨. કાપ કરવત, કાપ ૩. પિતાની પ્રથમ મૃત્યુતિથિએ, ૪. તો ? ૫. કોને ઘેર ગ્યાં તાં. ૬. સાંજ ૭. મોકો મળ્યો, ૮. ગઝલ ૯. તપાસીએ) **૧૫**

૦૭. **રમેશ ત્રિવેદી** (૧. આપણું ગીત ૨. સજની મારી ભોળી ૩. કે હું તો હરિ-વરજીને વરી ૪. અષાઢી છાલકનું ગીત ૫. હું હારી જીવણજી ! ૬. નગરવટો ૭. વિષાદ ૮. દિવસનું મૃત્યુ. ૯. ચાર લઘુકાવ્યો) **૨૦**

૦૮. **નટવર પટેલ** (૧.અલ્લડ છોકરી ૨. ઢોલને માથે ડંકો રડતો ૩. એક વૃદ્ધની સ્વગતોક્તિ ૪. મનડાનો મોર ૫. મરી જાય રેતી ૬. જો હોત મને ૭. લાવ જરી હુંય ૮. ચાડિયાજી બોલિયા, ૯. મોસમ જીવી જાતો) **૨૮**

૦૯. **ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ** (૧. મંજિલ ૨. ઝાડ ૩. કાળ ૪. પ્રવાહ ૫. પ્રવાસી પૂર્વીનો ૬. પરિવર્તન ૭. પંખીને ૮. શરદપૂનમ નિહાળીને ૯. જાગૃતિ ૧૦. પણ) **૩૬**

૧૦. **સૉલિડ મહેતા** (૧. જિન્દગી ૨. રહ્યા તો રહ્યા ૩. આપણે ૪. જોઈએ) ૫. એજ તું ૬. ઊભા છીએ ૭. એક ક્ષણમાં ૮. પૂર્વવત્ ૯. આદમી **૪૩**

| | | |
|---|---|---|
| ૧૧. | **ડૉ. નીતિન વોરા** (૧. શાહમૃગ ૨. સૂર્યાયન ૩. એક કાવ્ય ૪. વિશ્રંભકથા ૫. વસંતાગમન અને ૬. અસ્તિત્વ અને ૭. હે મા ! ૮. સિવિલ હોસ્પિટલની વસંતપંચમી ૯. અમે ૧૦. મૃગજળ | ૪૯ |
| ૧૨. | **ડૉ. મયંક પટેલ** (૧. કોણ ? ૨. બેસણામાં ૩. જયેષ્ઠે ૪. ભરબપોરે ૫. સવારે ૬. અસમંજસ ૭. સમડી ૮. ત્રણ ગઝલ) | ૫૮ |
| ૧૩. | **રામુ ડરણકર** (૧. નગરજનો ૨. દલડાંની વાત ૩. કેમ કરી દરિયા ઉલેચવા ? ૪. ફરી મળીએ ૫. તમે ૬. હોંકારા ૭. અંદર ઊતર ૮. વ્હાલા, તું વરસી જા !) | ૬૩ |
| ૧૪. | **ડૉ. અશોક નાયક** (૧. સાથી) | ૭૦ |
| ૧૫. | **પારુલ નાયક** (૧. જીવની જરઠ જંજાળો. ૨. છ ગઝલો) | ૭૧ |
| ૧૬. | **ડૉ. મહાકાન્ત જે. જોષી** (૧. અભિશાપ, ૨. જાગરણ) | ૭૫ |
| ૧૭. | **બાબુલાલ ચાવડા** (૧. સાત ગઝલ, ૨. ત્રણ ગીત) | ૭૬ |
| ૧૮. | **જિતુ નાયક** (પતંગિયું) | ૮૩ |
| ૧૯. | **ખોડાભાઈ બી. પટેલ 'ધર્મેશ'** (૧. મા ધરતી ને પિતા આકાશ ૨. કવિતા) | ૮૪ |
| ૨૦. | **ડૉ. વિષ્ણુ પ્રજાપતિ** (૧. એ કાયમને યાદ રહી જાય ૨. વાદળને કોઈ ગમી ગયું હશે ૩. બે કિનારા) | ૮૫ |
| ૨૧. | **ડૉ. હર્ષદ સોલંકી** (દસ ગઝલ) | ૮૭ |
| ૨૨. | **ડૉ. ધર્મેન્દ્ર પટેલ** (૧. ટોળું થઈ જા ૨. સંઘરી રાખજો ૩. શબ્દ મારો બોલશે ૪. હરિ કરે તે થાય ભૈ ! ૫. મથામણ સાવ ખોટી ૬. સોરી બોલ ૭. અમારી પીડા અમે જાણીએ) | ૯૨ |
| ૨૩. | **ડૉ. ઈશ્વરસિંહ ચૌહાણ** (હું જાણવા ઈચ્છું છું) | ૯૬ |

# સંપાદકીય

**- ડો. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

**જૂની** ગુજરાતી કે ગૌર્જર અપભ્રંશ ભાષા તથા સાહિત્યનાં પગરણ હજારેક વર્ષ પૂર્વે થયાં હતાં. ગુજરાતી અને અપભ્રંશનો સંબંધ પુત્રી અને માતાનો છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે (ઈ.સ.૧૦૮૯થી ૧૧૭૨) પોતાના પ્રસિદ્ધ 'સિદ્ધહૈમ' પ્રાકૃત વ્યાકરણના અંતિમ અધ્યાયમાં અપભ્રંશનું વ્યાકરણ આપતાં જે લોકપ્રચલિત અપભ્રંશ દુહા ઉદ્ધૃત કર્યા છે તેની ભાષાને ગ્રિયર્સન અને કેશવ હર્ષદ ધ્રુવે 'પ્રાચીન ગુજરાતી' તરીકે ઓળખાવી છે. આ ભાષાનો આછો ખ્યાલ આવે માટે બે ઉદાહરણો જોઈએ :

*ભલ્લા હુઆ જુ મારિયા બહિણિ મહારા કંતુ ।*
*લજ્જેજંવાં તુ વયસિઅહુ જઈ ભગ્ગા ઘરું એંતુ ॥*

(એક સ્ત્રી પોતાની સખીને કહે છે) ''હે બહેન, સારું થયું કે મારો પતિ (કંથ) મરાયો. જો તે ભાગીને ઘરે પાછો આવ્યો હોત તો હું સખીઓની વચ્ચે લાજી મરત.'')

*વાયસુ ઉડ્ડાવંતિઅએ પિઉ દિટ્ઠઉ સરસત્તિ ।*
*અદ્ધા બલયા મહિહિ ગય અદ્ધા ફુટ્ટ તડત્તિ ॥*

(પ્રવાસે ગયેલા પતિના વિરહમાં કૃશ થઈ ગયેલી સ્ત્રી) કાગડાને (બોલતો સાંભળીને) ઉડાડવા જાય છે ત્યાં એકદમ પતિને આવતો જુએ છે. (તેના પરિણામે) તેનાં (લંબાયેલા અર્ધાં બલોયાં જમીન પર પડે છે ને (પ્રિયતમને જોઈ પુષ્ટ થવાથી) અર્ધાં તડ દઈને ફૂટી જાય છે.)

ગુજરાતી ભાષા અને સાહિત્યની આ પહેલી પ્રગટ સેર છે. તત્કાલીન ગુજરાતી પ્રજાજીવનમાં રસિકતા, વીરતા અને શાણપણનો રંગ કેવો ઘુંટાયો હતો એનો અહેસાસ આ ગાથાઓ કરાવે છે. ગુજરાતી ભાષા-સાહિત્યના આરંભના સાતસો વર્ષ (ઈ.૧૧૫૦ થી ૧૮૫૦)ને મધ્યકાળ કહે છે. આ યુગની કવિતામાં કડી નગરના કોઈ કવિની નોંધ લેવાઈ નથી.

ઈ.૧૮૫૦થી આરંભાયેલા અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભિક બે યુગો- સુધારક અને સાક્ષર યુગમાં પણ કડીના કોઈ કવિ-લેખકનો ઉલ્લેખ જોવા મળતો નથી. ત્રીજા ગાંધીયુગમાં સાહિત્ય વર્તુળ, કડીના આદ્ય સર્જક

સીતારામ જે. શર્મા (૧૮૯૧થી ૧૯૬૫)ની નોંધ લેવાય છે. ‘ગુજરાતી સાહિત્યકોશ’ના અર્વાચીન કાળના (ખંડ-૨)માં ચંદ્રકાન્ત ટોપીવાળાએ તેમનું જે અધિકરણ લખ્યું છે તેમાં તેમને કવિ અને વાર્તાકાર તરીકે નિર્દેશ્યા છે. તેમના બે કાવ્યસંગ્રહો ‘પ્રસૂનાંજલિ’ (૧૯૧૫) તથા ‘સ્વદેશગીત’ (૧૯૨૧) નો ઉલ્લેખ થયો છે. તેમની એક કૃતિ ‘વિજય કે મૃત્યુ ?’ ને અહીં ‘કાવ્ય-કડી’માં સમાવી છે. તેમાં ગાંધીયુગીન કવિની વિજિગીષુ વૃત્તિ પ્રતિબિંબિત થઈ છે.

સર્વ વિદ્યાલય સાથે અધ્યયન અને અધ્યાપનના બેવડા સંબંધથી સંકળાયેલા રણજિત પટેલ ‘અનામી’ના કાવ્યસંગ્રહો ‘કાવ્યસંહિતા’ (૧૯૩૮) અને ‘ચક્રવાક (૧૯૪૬)માં મુખ્યત્વે પ્રણયકાવ્યો છે. ‘સારસ’ (૧૯૫૭)માં આકાશવાણી પથી રજૂ થયેલાં ગીતો સંગ્રહીત છે. ‘સ્નેહશતક’ (૧૯૫૭)માં છંદોબદ્ધ ને ગેય એવાં સો નાનાં કાવ્યોનો સમાવેશ છે. ‘પરિમલ’માં એમણે પોતે ચૂંટેલી પોતાની પ્રતિનિધિ કાવ્યરચનાઓ સંચિત છે. ‘રટણા’ (૧૯૮૩) કાવ્યસંગ્રહમાં પ્રકૃતિ, ઈશ્વર અને ભક્તિ પ્રધાન સ્થાને છે. આ સંગ્રહમાં એમના જે શેક્સપિયરશાઈ સૉનેટનો સમાવેશ કર્યો છે તેને સુરેશ દલાલે ૬૦૦ વર્ષની ગુજરાતી કવિતાની ઝલક-ઝાંખી કરાવતા ‘બૃહત્ ગુજરાતી કાવ્યસમૃદ્ધિ’ સંચયમાં સ્થાન આપ્યું છે.

મુખ્યત્વે બાળસાહિત્યકાર વિવેચક અને કોશકાર તરીકે જાણીતા રતિલાલ નાયક સર્વ વિદ્યાલયમાં ‘અનામી’ના વિદ્યાર્થી હતા અને પછી શિક્ષક થયેલા. તેમણે શોખ ખાતર ક્યારેક ક્યારેક કાવ્યસર્જન પણ કરેલું એનું નિદર્શન આ સંગ્રહમાં સમાવિષ્ટ તેમની દીર્ઘ કૃતિ ‘લાલ પાની’ અને અન્ય લઘુકાવ્યો કરાવે છે. છંદો ઉપરનું તેમનું પ્રભુત્વ પ્રશસ્ય છે.

દિનેશ કોઠારીનો જન્મ વિસનગરમાં. તેઓ લગ્નસંબંધે કડી સાથે સંકળાયેલા. એમના શીર્ષક વગરનાં એકત્રીસ કાવ્યોના સંગ્રહ ‘શિલ્પ’ (૧૯૬૫)માં ગીત, પરંપરિત છંદોલય તેમજ ક્વચિત્ અછાંદસ સ્વરૂપની રચનાઓ છે. પ્રકૃતિતત્ત્વોનો સમુચિત વિનિયોગ અને ભાવાનુકૂળ લયહિલ્લોળ તેમનાં ગીતોને ધ્યાનાર્હ બનાવે છે. સાંપ્રત માનવસંદર્ભને પ્રતીકાત્મક ઢબે અભિવ્યક્ત કરતી આધુનિક રીતિની કેટલીક કૃતિઓ અરૂઢ પદાવલિની દૃષ્ટિએ ઉલ્લેખનીય છે. તેમની ત્રણ જાણીતી રચનાઓ આ સંગ્રહમાં માણી શકાશે.

સુરતનાં વતની પન્ના મોદીનો જન્મ મુંબઈમાં. કડીના નિકુળ નાયકને પરણીને અમેરિકામાં સ્થાયી થયાં. 'પ્રવેશ' (૧૯૭૫), 'ફિલાડેલ્ફીઆ' (૧૯૮૦), 'નિસ્બત' (૧૯૮૪), 'અરસપરસ' (૧૯૮૯), 'આવનજાવન' ૧૯૯૧) 'રંગ ઝરુખે', (૨૦૦૫), 'ચેરી બ્લોસમ્સ' (૨૦૦૫), 'કેટલાંક કાવ્યો' (૧૯૯૦) 'વિદેશિની (૨૦૦૦) વગેરે તેમનાં કાવ્યસંગ્રહો છે. પન્ના નાયકની કવિતા પરદેશમાં આધુનિક નગર સંસ્કૃતિ તથા તેની સગવડો વચ્ચે જીવતી એક સ્ત્રીના મનોગતને પ્રગટ કરતી કવિતા છે. આ કવિતા સ્ત્રીના આંતરજીવનમાં સહૃદયતાનો પ્રવેશ કરાવે છે. સ્ત્રીનો પુરુષ સાથેનો સંબંધ, સ્ત્રી-પુરુષનો પ્રેમ, દામ્પત્યજીવનની મૂંઝવણો, વ્યથાઓ, સ્ત્રીની સંતાનપ્રાપ્તિની ઝંખના, તેની આશા-નિરાશાઓ વગેરે સ્ત્રીજીવનનાં અનેક સત્યોનું સાહજિક નિરૂપણ આ કવિતામાં જોવા મળે છે. તેમની કવિતાને ઝંખનાની કવિતા પણ કહી શકાય. અનેક કાવ્યોમાં આ પ્રેમની ઝંખના ડોકાય છે. સ્ત્રીના અસ્તિત્વને સ્પર્શતી અનુભૂતિઓનું સહજ અને સચોટ આલેખન તેમની કવિતાનો વિશેષ છે.

ચિનુ મોદીએ ૧૯૫૫ આસપાસ કાવ્યસર્જન શરૂ કરેલું. ૧૯૬૩માં ૨૪ પૃષ્ઠનો સંગ્રહ 'વાતાયન' પ્રગટ થયો. સંગ્રહની કવિતા સંવેદન અને છંદ આયોજન પરત્વે અનુગાંધીયુગીન સૌન્દર્યલક્ષી કવિઓની કવિતાને મુખ્યત્વે અનુસરે છે. 'પિતાની પ્રથમ મૃત્યુતિથિએ' સંગ્રહની નોંધપાત્ર રચના છે. 'રે' મઠના કવિમિત્રોના સંપર્કમાં આવ્યા પછી એમની કવિતામાં આધુનિક ભાવબોધ વ્યક્ત થાય છે. ૧૯૭૯માં કવિ 'ઊર્ણનાભ' સંગ્રહ આપે છે. આ સંગ્રહ એમની કવિપ્રતિભાનો મુડ પ્રદર્શિત કરે છે. આ સંગ્રહ કરતાં બે વર્ષ પહેલાં પ્રગટ થયેલો સંગ્રહ 'ક્ષણોના મહેલ'માં એમની ગીત-ગઝલ કૃતિઓનો સંગ્રહ છે. સંગ્રહની ગઝલોમાં કવિનો વિશેષ જેટલા પ્રમાણમાં પ્રકટ થાય છે તેટલા પ્રમાણમાં ગીતોમાં થતો નથી. તેમની કેટલીક નમૂનેદાર ગઝલો આ સંચયમાં સમાવિષ્ટ કરી છે. તે પૈકી 'તપાસીએ' તેમની વિશિષ્ટ ગઝલ છે. માનવનાં સર્વ દુઃખોનું મૂળ એની ઈચ્છાઓ જ છે. મૂળ વસ્તુને મૂકી આપણે પડછાયા પાછળ દોડીએ છીએ. આ વાતને કવિએ આ ગઝલમાં જુદાં જુદાં રૂપકો દ્વારા વ્યક્ત કરી છે.

કથા સાહિત્ય (લઘુકથા, નવલિકા, નવલકથા) ક્ષેત્રે તથા બાળસાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન કરી પોંખાયેલા રમેશ ત્રિવેદીએ 'નગરવટો' નામક કાવ્યસંગ્રહ પણ પ્રગટ કર્યો છે, જેમાં તેમની કવિ પ્રતિભા પ્રગટી છે. 'નગરવટો', 'વિષાદ', 'દિવસનું મૃત્યુ' જેવી અછાંદસ કૃતિઓમાં કવિએ મુખ્યત્વે સાંપ્રત મનુષ્યના

વિષાદ, વેદના, વ્યથાને વાચા આપી છે. 'આષાઢી છાલકનું ગીત', 'આપણું ગીત', 'સજની મારી ભોળી', 'કે હું તો હરિ-વરજીને વરી !' જેવી ગીતરચનાઓમાં જીવનના ઉમંગ, ઉલ્લાસ, પ્રણય પ્રસન્નતા પણ પડઘાય છે. કુશલ લઘુકથા સર્જકે કવિતા ક્ષેત્રે પણ કાઠું કાઢ્યું છે એની નોંધ લેવી પડશે.

રમેશભાઈના સૌથી સિનિયર વિદ્યાર્થી નટવર પટેલે પણ ગુરુને અનુસરી બાળસાહિત્ય, લઘુકથા અને કાવ્યક્ષેત્રે યોગદાન આપ્યું છે. 'થોડાં કાવ્યો આ પણ, અને 'ચાડિયા, તારા મલકમાં' તેમના બે કાવ્યસંગ્રહો છે. ગીત, ગઝલ અને અછાંદસ પર તેમણે હાથ અજમાવ્યો છે. ચાડિયાને કેન્દ્રમાં રાખી રચાયેલાં કાવ્યો તેની વિલક્ષણતા ને વિશિષ્ટતાને કારણે ધ્યાનાકર્ષક બન્યાં છે.

પ્રસાદ જીવનચરિત્ર, કથાસાહિત્ય, વિવેચન, સંપાદન, અનુવાદ ક્ષેત્રે જાણીતા છે, પણ કડીમાં શાળા-કૉલેજના અભ્યાસકાળમાં તેમણે કાવ્યસર્જનથી સાહિત્યમાં પદાર્પણ કર્યું હતું એમ જો કોઈ કહે તો સંશોધકો પુરાવા માગે. આ સંગ્રહમાં સંગૃહીત તેમનાં દસ કાવ્યો તેનો પુરાવો છે.

હળવદ (જિ.મોરબી)માં રહી કાવ્યસર્જન કરનાર સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ કવિ સોલિડ મહેતા ઝવેરી આર.ટી. હાઈસ્કૂલમાં મારા અને નીતીન વોરાના સહાધ્યાયી હતા. તેઓ કવિતાક્ષેત્રે પ્રવૃત્ત રહેવામાં પોતાના જીવનનું સાર્થક્ય સમજતા હતા. ૧૯૮૨માં પ્રગટ થયેલો 'અંતરિયાળ' તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ તેમાં વિવિધ કાવ્યસ્વરૂપોની કૃતિઓ સંગૃહીત થઈ છે. તે પૈકી ગઝલ સ્વરૂપ પસંદ પડવાથી તેમણે મુખ્યત્વે ગઝલો લખવા માંડી. ત્રણેક દાયકાની ગઝલ સાધનાના ફળસ્વરૂપે આપણને 'તું' (૨૦૧૪), 'શબ્દાયન' (૨૦૧૫) અને 'સંભૂતિ' (૨૦૧૬) નામક ત્રણ ગઝલસંગ્રહો સાંપડ્યા. હરિગીત, ઝૂલણા જેવા માત્રામેળ છંદોની સાથે પૃથ્વી, શિખરિણી જેવા અક્ષરમેળ છંદોને ગઝલ જેવા અરબી, ફારસી સ્વરૂપમાં પ્રયોજી તેમણે ગઝલને ભારતીયરૂપ આપ્યું છે. 'સંભૂતિ'માં તો તેમણે ગઝલમાં સૂત્રાત્મક-સાંકેતિક શૈલી પ્રયોજી છે. માય ડિયર જયુએ લખ્યું છે : ''સોલિડ મહેતાની કાવ્યસાધના અર્થસભર, બલ્કે ભાવસભર બની છે, સાથે રદીફ-કાફિયાના ઠાલા ખખડાટ સામે સહજ-સરળ શબ્દવ્યાપારથી આહ્‌લાદક પણ બની છે.

નીતિન વોરાએ શાળા શિક્ષણ દરમિયાન સાંપડેલા સાહિત્ય સંસ્કારોને સાચવી રાખી તબીબી વ્યવસાય અપનાવ્યો. તે ક્ષેત્રનો ટોચનો ડૉ.બી.સી.રૉય ઍવોર્ડ મેળવ્યો પણ સાહિત્યસર્જનની પ્રેરણાને પણ અભિવ્યક્તિ આપી. 'ખામોશી'

વાર્તાસંગ્રહ આપ્યા પછી તેમણે ‘અર્થની શોધમાં...’ નામક કાવ્યસંગ્રહ પણ ૨૦૧૩માં પ્રગટ કર્યો. સ-અર્થની શોધમાં તેમને સાંપડેલા સત્યો તેમની રચનાઓમાં પ્રતિબિંબિત થયાં છે. સાત્રે અને કામુથી પ્રભાવિત કવિની અર્થની શોધ શાહમૃગથી શરૂ થઈ મૃગજળ સુધી પહોંચે છે, વચ્ચે વસંતપંચમી આવે, વસંતાગમન પણ થાય.

સમર્થ સાહિત્યકાર પિતા પાસેથી સમૃદ્ધ સાહિત્ય સંસ્કાર સંપ્રાપ્ત કરનાર મયંક પટેલે પણ તબીબી વ્યવસાય સ્વીકાર્યો પણ સાથે સાથે ચિત્રકલા અને કાવ્યકલાની ઉપાસના ચાલુ રાખી. તેમણે પણ ‘એક અષાઢે’ (૨૦૧૪) નામક કાવ્ય સંગ્રહ અને ‘શેર સરિતા’ (૨૦૧૧) નામક શેરસંગ્રહ આપ્યા છે. તેમણે ‘હમ્બો ! હમ્બો’ (૨૦૦૧) નામક બાળકાવ્ય સંગ્રહ પણ આપેલો. મુખ્યત્વે અછાંદસ કવિતા લખનાર કવિએ ગઝલ સ્વરૂપ પર પણ હાથ અજમાવ્યો છે. ગુલામ મોહમ્મદ શેખની જેમ તેમની કવિતા પર પણ ચિત્રકલાની અસર વરતાય છે.

કડીમાં નીતીન અને મયંકે શરૂ કરેલી પરંપરામાં વિષ્ણુ પ્રજાપતિ પણ સમ્મિલિત થાય છે. કથા સાહિત્યમાં કીર્તિ મેળવી તેમણે કાવ્યોપાસના શરૂ કરી છે પણ આ ઉપાસના અઘરી છે, સૂક્ષ્મ છે એ ધ્યાનમાં લેવું પડશે.

‘કાવ્ય-કડી’ના અન્ય કવિઓ શિક્ષકો છે, મુખ્યત્વે ભાષાશિક્ષકો. તેમણે શિક્ષણની સાથે સાહિત્યની-કાવ્યની સાધના કરી છે. સાધનાની તીવ્રતા અનુસાર સિદ્ધિ સાંપડતી હોય છે. નિવૃત્ત પ્રિન્સિપાલ રામુ ડરણકરે કવિતાની સુદીર્ઘ સાધના કરી ‘અજવાળાનાં અવસર’ (૨૦૦૧) નામક ગીત-ગઝલ સંગ્રહ, ‘વાચક’ કાવ્યસંગ્રહ અને બાળકાવ્યોના બે સંગ્રહો આપ્યાં છે. શેક્સપિયરશાઈ સૉનેટ ‘નગરજનો’ પ્રગતિ વિહોણી ગતિની નિરર્થકતા નિર્દેશે છે. ‘દલડાંની વાત’, ‘કેમ કરી દરિયા ઉલેચવા’, ‘હોંકારા’ જેવાં ગીતો અને ‘અંદર ઊતર’ જેવી ગઝલો આસ્વાદ્ય છે.

પારુલ નાયકે મુખ્યત્વે ગઝલ સ્વરૂપ પર કામ કર્યું છે. સ્ત્રીહૃદયની સંવેદનાઓને એમણે સુપેરે વ્યક્ત કરી છે.

*વાળમાં આવી સફેદી લો હવે ઘરડાં થયા,*
*ને લગાવી છે મહેંદી લો હવે ઘરડાં થયાં !*

સંવેદનની સહજતા, સરળતા, સાદગી સ્પર્શી જાય છે. અશોક નાયકની ગઝલમાં પણ સહજ સંવેદન અભિધાના આશ્રયે અભિવ્યક્ત થયું છે.

સંસ્કૃત સાહિત્યના અભ્યાસી મહાકાન્ત જોષી પાસેથી વ્યંગકાવ્ય પ્રાપ્ત થાય છે એ ઉલ્લેખનીય છે. ધર્મેન્દ્ર પટેલ પણ છે તો સંસ્કૃત સાહિત્યના અભ્યાસી. બાળસાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કરનાર, પુરસ્કારો પ્રાપ્ત કરનાર, સંચયના સૌથી યુવાન કવિએ કાવ્યોપાસના પણ નિસ્બતથી કરી છે. તેમનો ઝોક પણ ગઝલ પ્રત્યે વિશેષ છે. તેમને શ્રદ્ધા છે કે 'શબ્દ મારો બોલશે.' શબ્દ જરૂર બોલશે, પણ એની પાછળ અનુભૂતિ અને અભિવ્યક્તિની તાકાત જરૂરી છે.

'સાંયાજીને કહેજો કોઈ' (૨૦૧૮) નામક ગઝલ સંગ્રહ આપનાર બાબુલાલ ચાવડાએ ગઝલને સુપેરે સેવી છે, તેથી તો તેઓ ભાવકોને કહી શકે છે :

*ગઝલનું નામ આપીને તમે જે મોજથી માણ્યા,*
*એ શબ્દો ક્યાંથી આવ્યા છે, અમારો જીવ જાણે છે.*

ગીત પર પણ કવિની હથોટી સારી છે. તેમનાં ત્રણે ગીતો આસ્વાદ્ય છે.

ઈ.૨૦૧૮માં જ 'ત્યારની વાત આ છે !' ગઝલસંગ્રહ પ્રગટ કરનાર હર્ષદ સોલંકીની અહીં સમાવિષ્ટ દસ ગઝલોમાં અભિવ્યક્તિનું વૈવિધ્ય જોવા મળશે. કવિની ખુમારી પણ જોવા જેવી છે.

*હું વણજની વસ નથી, વેપારમાં વાવર ન તું,*
*હું કવિનો શબ્દ છું વ્યર્થ વપરાઈશ નહીં.*

ખોડાભાઈ પટેલ અને જિતુ નાયકે કાવ્યલેખન કરતી વખતે આ વાત યાદ રાખવા જેવી છે. કવિ પર ક્યારેય શિક્ષકને હાવી ન થવા દેવાય.

એકંદરે કડીના આ ૨૩ કવિઓનાં ૧૩૯ કાવ્યોમાં વિષય વૈવિધ્યની સાથે અભિવ્યક્તિની પણ અનેક તરાહો માણવા મળશે. 'કડીનગરનું બાળ સાહિત્ય' અને 'વાર્તા-કડી'ના જ અનેક સર્જકો 'કાવ્ય-કડી'માં સ્થાન પામ્યા છે એ પરથી કહી શકાય કે કડીના સાહિત્યકારો બહુમુખી પ્રતિભા ધરાવનાર છે. એક જ નગરના સર્જકો આવું વૈવિધ્યપૂર્ણ સાહિત્યસર્જન કરતા હોય એવું જવલ્લે જ જોવા મળતું હોય છે. 'વાર્તા કડી' કરતાં 'કાવ્ય-કડી' કોઈ રીતે કમજોર નથી, કોમળ, કમનીય અવશ્ય છે.

માણસની પાસે શબ્દ
રહેવા દો, પણ એનું કાવ્ય
એની પાસેથી હઠાવી લો,
ભલે માણસ સવારથી માંડી
સાંજ સુધી બોલ બોલ
કર્યા કરે, ભલે તે ઢગલે ઢગલા
શબ્દો વાપરી છાપાં ભરી દે,
પણ તેની પાસેથી ગાયત્રી મંત્ર
લઈ લો, તેની પાસેથી વેદ
ઉપનિષદ લઈ લો, રામાયણ
મહાભારત લઈ લો, તુલસી
કબીરને બોલતા બંધ કરી દો,
ટાગોર કે ન્હાનાલાલનું
અસ્તિત્વ ભૂલી જાઓ, કે
કાલિદાસને કોઈ રામગિરિના
આશ્રમમાં યક્ષની પાસે દેશવટો
આપી દો અને કલ્પના કરો કે
એ જીવન કેવું હશે ?

**— સુન્દરમ્**

(કવિતા, અંક ૫૦ ડિસે.૧૯૭૫માંથી સાભાર)

## ૧. સીતારામ જે. શર્મા

(૧૧-૮-૧૮૯૧-૧૯૬૫)

# વિજય કે મૃત્યુ ?

તારક વિના મારે તરવા ઉતાવળે,
વિરાટ વિશ્વ તથા સમંદર સહુ.

ઘૂઘવે પ્રચંડ ચંડ, જળ કેરા દાનવો,
માનવોના ભક્ષ કાજે તલસી રહ્યા;
કેડો સૂઝે નહિ તો બેડો શેં પાર થાય,
છેડો સાગર તણો છેટો બહુ.

સાગર પ્રલંબ અને વામન હું માનવી,
જળ કેરાં તળને પ્રમાણું નહિ;
સાહસ દુર્ઘર્ષ અને આશા અમાપ ધરી,
નૈરાસ્ય મુજને શું ઘેરી વળ્યું ?

પૌરુષ લાજે જો પુરુષાર્થહીન બને,
એ અપયશના ભાગી તો થાવું નથી;
કરવું કર્તવ્ય, ભલે મરવું પડે છતાંય,
ડરનું કાયરપણું ધરવું નથી.

કીધો સંકલ્પ કદી, પડતો મુકાય નહિ,
કાં તો વિજય, કાં તો મૃત્યુ વરું;
કર્તવ્યક્ષમતાને સંધુ યે શક્ય બને,
તર્ક ને વિતર્ક માંહી શાને પડું ?

## ૨. રણજિત પટેલ 'અનામી'

(૨૬-૬-૧૯૧૮ - ૨૫-૫-૨૦૦૯)

### ગળ્યાં આજે એવાં...

તને પ્હેલી જોઈ અતલ ઉરમાં થૈ ચમક ને
ઠરેલાં ને ઊંડા સરવરજલે કંકર પડ્યો
રચીને વર્તુળો ઉતરતટપ્રદેશે જલ ધસે !
તટેથી રેલાતો વિરલ રસ, બે સારસ હસે !

પછી તારામૈત્રી, ઉભય ઉરનો તાગ, વિફલ !
ધૃતિ ધારી કાળે મન-મીન ફસાતું પ્રીતિ-ગલ.
રસૈક્યે એકાકી દ્વિદલ, ઉરની એક જ ગતિ
પ્રમાણી અન્યોન્યે અનુકૂલ રસાર્દ્રા સ્થિર રતિ.

મનોનુકૂલા શી ! રજરજ વસે, એક જ મતિ,
પરસ્પર વ્યવહારે મન-હૃદય સંવાદીલી ગતિ.
અભેદે અન્યોન્યે રસ ગહનમાં મજ્જન કીધું,
કશું દીધું કોને ? નિજનું કશું ? સર્વસ્વ જ દીધું.

ગળ્યાં આજે એવાં રસ, રસનિધિ શાન્ત છલકે,
શશિને પ્રેક્ષીને અવનિ પરનો અબ્ધિ મલકે !

# ૩. રતિલાલ સાં. નાયક

(૧-૮-૧૯૨૨ - ૨૮-૧-૨૦૧૫)

## લાલ પાની...

આભે તપંતો રવિ ચંડ તાપે
ને વેળ એવે ઘરના ખૂણામાં
ધુબાક ધુબાક પડંત ધોકા
પખાળવા વસ્ત્ર મલિન; સાથે
થતા ધડાકા મનમાં સખીના
વિચારના જે કવિ-કેડિયેથી
સરેલ વાંચેલ કવિ-કૃતિના. ૭

વિચારનો વેગ નહીં ઝિલાતાં,
ચોરીથી કાઢી ફરી વેળ વાંચ્યું,
લખ્યું હતું કાગળ-કાપલીમાં : ૧૦

"તારી નિહાળી સખી ! લાલ પાની
"મેંદી-કસુંબી કમળાંગુલિઓ -
"ગ્રથિત. થાતું મનમાં મને કે
"બની હતે જો તવ પાય કેરી
"આ દેહની મોજડી તોય ધન્ય ! ૧૫

"કેવી હશે કોમળ કામ્ય રમ્યા
"રૂપે રસેલી તવ દેહ-વેલી ?
"નિહાળી જે પૂરી નથી શક્યો હું.
"બેઠેલ તું ધારની આડમાં હતી –
"છતાંય સૌન્દર્ય તથા અણુએ
"એવું વીંધ્યું છે દિલ કે સખીરી !
"શોધી તને હૃદયરાજ્ય આપું." ૨૨

પૂરું થતાં કાવ્ય કવિપત્ની કેરી
કમાન છૂટી,નવ ક્રોધ માયો,
વિચાર આવ્યો : "સમજાયું હાવાં
"કવિ કરે કાં કજિયા કવાંકે;
"આ શાખ પૂરે કવિતા કવિની.
"નક્કી પતિ છે પરપ્રેમમાં પડ્યા ! ૨૮

"લઢેલ કાલેય ક્વાંક કાઢી :
"વાંચે નહિ કાં કવિતા તું મારી ?
"જોકે ચઢેલી હઠમાં હતી હું
"નહિ વાંચવાની - પણ આજથી તો
"સારું થયું આ કવિતા જડી ગઈ,
"કાઢેલ ધોવા કપડાં મહીંથી -
"અજાણતા ટેનિસના ખીસેથી,
"ને સાથસાથે કવિ-વિકૃતિની
"દઈ ગઈ લ્હાણ. હવે કવિની
"ચૂકું કવિતા નવ કોઈ વાંચવી.
"અને અબોલા રીસમાં લીધેલા
"મેં કાલના તે સઘળા વિસારી
"આજે પતિની ખબરો લઈ લઉં." ૪૧

ક્રોધે કરી નિર્ણય, ખૂબ જોરે
ધુબાક ધુબાક ઝૂડે છ ધોકા. ૪૩

ત્યાં લાલ આંખે નભગોખ સંધ્યા
પધારતી, ઑફિસથી છૂટીને
સ્ત્રીમિત્ર તેડી પિયુ ઘેર આવે. ૪૬

થાક્યો હતો એ કજિયાથી રોજના
ને ખોડ તે ભૂલવવા સખીની
આજે ઘડી'તી કવિએ સુયુક્તિ :
કે જો ન હું છોડીશ આ સ્વભાવ
તો તો ગુમાવીશ પતિને સદાય;
એવું વિચારે સખી ઉર માંહે
તે કાજ લાવેલ સ્ત્રીમિત્ર સંગે
કૉલેજમાં જે ભણતી'તી પ્હેલાં. ૫૪

જોતાં જ સંગે યુવતી, કવિતા
વળી હતી જે હમણાં જ વાંચી
તે મેળવી મેળ, કર્યો જ તંગ
ભામિનીએ ત્યાં ભ્રમરોનો ભંગ. ૫૮

એ વસ્ત્ર ધોતી સખીના સમીપે
બેસી બહુ વેળ વિતાવી કાઢી
ટૉળે અને ટીખળમાં પછીથી
પૂરેપૂરી બસ ઊકળેલ ભાળી.
(જોકે છતાં યાદ કરી અબોલા
શમાવતી'તી ઉકળાટ યત્ને)
વિદાય દેતો પિયુ સંગિનીને
હસી ધીમું હસ્ત જરીક ઝાલી
(જ્વાળાથી ત્યારે સખીને પ્રજાળી)
વિવેકના બોલ વદી રહ્યો બે :
"ચાલો વળાવું જલતીર સુધી." ૬૯

વળાવી આવી જવ દૃષ્ટિ નાખે
થેલી પરે તો સ્મરણે ચઢે કે
લાવ્યો હતો મોજડી ભેટ આપવા
સંગિનીને તે અહીંયા રહી ગઈ ! ૭૩

મોટેથી બોલી પળતો પૂંઠે એ :
"અરે અરે ! મોજડી તો રહી ગઈ !" ૭૫

દઈ મોજડી ઘેર પાછા ફરંતા
પિયુને નિહાળી થઈ ક્રુદ્ધ પત્ની
નિજ મૌન તોડી પિયુને સુણાવે :
"જાવું હતું ને સગલીની સાથે !
"કાં ઘેર આવ્યા ? બની જાવ મોજડી
"સ્થાપી દિયો હૃદયરાજ્ઞી એને !" ૮૧

હોયે બધું સ્વચ્છ, ન ચિહ્ન એકે
તોયે નભેથી જ્યમ કો અચિંત્ય
વર્ષી પડે મેહ ત્યમ સુંદરીના
ઝીલી પ્રહારો સ્મૃતિએ ચઢંતી -
જ્યારે લઢીને સખી બા'ર ગઈ'તી
સામા ઘરે - સુંદર ઓટલે કો
ન ધાર આડે મુખડું જણાતાં
પેખી પગો કેવળ પાનીએથી
લખેલ પેલી કવિતા દૂરેથી. ૯૦

સ્ત્રીમિત્ર તેડી સખીને પ્રજાળી
નિર્મ્યું હતું નાટક ફક્ત કરવું.
અને અહીં તો ઊલટું બફાતાં
બાકી રહી ચોખવટો; નહિ તો
સદાયનું ઘર્ષણ જામી જાશે.
વિચારી એણે સખીની સમીપે
રજૂ કરી વસ્તુ-સ્થિતિ હતી જે. ૯૭

પૂછ્યું સખીએ પછીથી સખાને :
"ક્યારે રચી'તી કવિતા તમે આ ?" ૯૯

"લઢી ગઈ બા'ર જ કાલ ત્યારે." ૧૦૦

"અને ક્યા ઓટલે એ હતી ત્યાં ?" ૧૦૧

‘‘ડાબા.’’- સૂણીને સ્મિત સાથ પૂછે :
‘‘અને હતી મેંદીય શું પગે મૂકી ?’’ ૧૦૩

‘‘જરૂર નિશ્ચે, શક ના જરી છે !’’ ૧૦૪
જવાબ સુણી સખી એ હસી પડી
ધબ્બો લગાવી નિજ નાથને વદી :
‘‘ભોળા, અરે રે બિલકુલ ભોળા !
‘‘એ તો હતી હું જ, ન ઓળખી શક્યા ?
‘‘રિસાઈને ત્યાં જઈ બેઠી’તી હું !’’ ૧૦૯

બની ગયું મોં છબી પાડવા-શું
પતિ તણું; ને ઉર સાથ જોડી
સખી, પછીથી કવિ બોલ બોલ્યા :

‘‘સારું થયું કે કવિતા લખાણી
‘‘જેથી અબોલા તૂટતાં જ આપણા
‘‘મારી હતી જે ફરિયાદ તુંને
‘‘કે ના કવિતા મુજ કો દિ’ વાંચતી
‘‘તે આજ તેં નિશ્ચય જે કર્યો કે
‘‘વાંચું હંમેશા કવિતા હવે તો
‘‘જણાય જેથી પતિ-પ્રેમ-ચેષ્ટા
‘‘તેની રહી ના ફરી યાદ આપવી !’’ ૧૨૦

પળેલ સંધ્યા કંઈ વેળથી ને
નિશાસખીને નિજ સાથમાં લઈ
મયંક આભે રમણે ચઢ્યો હતો ! ૧૨૩

## ૨. રૂપની ભેટ...

ગાત્રથી રૂપ ઢોળીને,
મદિરા નયને ભરી,
મઢીને ચાલમાં જાદુ
રતિ શી રૂપવેલડી
કામઠે અંગ સુરભિના
ફેંકી ચારુસ્મિતશર
સરંતાં પાસથી મુગ્ધા
દિલચોરી કરી ગઈ !

## ૩. રાહ જોઉં...

ખરી પડ્યાં પર્ણ સહુય તોયે
ઠૂંઠું બનેલું તરુ રાહ જોતું
વસંત સ્પર્શે નવપલ્લવિત
થવા યદિ તો –
સરી પડ્યાં સ્વપ્ન; ન આશસિદ્ધિ;
છતાંય શાને હતધૈર્ય થાઉં ?

# ૪. સાસરે જતી બહેનીને...

(મંદાક્રાન્તા)

બ્હેની મારી તન પર ધરી ઓઢણી રંગ રાતી,
જાણે ચંદા નીકળી રમવા આભ મધ્યે સુહાસી !

નાચે કૂદે ગભરુ હરિણીશી ભરી ફાળ દોડે,
ભેટે હેતે ખડખડ હસી નંદતી સર્વને એ.

એના વિશ્વે રમત-ગમતો હર્ષ-ઉલ્લાસ મસ્તી,
માતા-ભ્રાતા જનક-સખીરી સર્વમાં ખુશ થાવું,

ખાવું-પીવું હરવું-ફરવું ને રિસાવું-મનાવું;
ગાવાં ગીતો, ફરવી ફૂદડી એમ વર્ષો સરંતાં.

બ્હેની આજે નવવધૂ થઈ કોક સંગે અજાણ્યા
ઊભી તું તો તજી દઈ મને ઘૂમટો એક તાણી.

લાજુવંતી ધીરપગલીએ બાલ્યભાવો વિસારી,
દેહે સાળુ ગભીરવદના ન્હોય સ્ત્રી કો સુહાગી ?

જાવું છે તો નવ નવ અરે ! હાય રોકી શકું છું -
કિંતુ યાદો નહિ નહિ ભૂલે આંહીંના તો અણુએ.

'થાજો તારી સફર સફળ !''

ના વધુ... અશ્રુ રૂંધે.

## ૫. ઊંચકાવા મચ્યું છે !

અરે ! અંધકારે બધું આ ગ્રસ્યું છે;
છતાં અંજવાસે અહો ! સૌ લસ્યું છે !

છુપાવા ઘરે મુખ ધરે એ નકાબ;
ચીરી ચીર એનું છૂટે આફતાબ.

ચરણ બંધ કીધા પૂરી ઝાંઝરેથી
ઠમકતા થયા તોય ઝીણા સૂરેથી.

દિયે કંટકો ચોગમે ડંખ ઊંડે;
છતાં ગુલ હરદમ વિના પાંખ ઊડે !

ભલે ગારથી ઓસરી આ લીંપી છે !
છતાં ઓકળી મોકળી થઈ લિપિ છે !

અહીં પર્ણનો વર્ણ પીળો પડ્યો છે;
છતાં ભીતરે લાલભૂરો ખીલ્યો છે !

ધાર્યું જે કદમ દમ-બદમ એ લચ્યું છે;
છતાં ઊંચકાવા ફરી એ મચ્યું છે !

## ૬. બસ યાચું એટલું... (શિખરિણી)

પ્રભો ! મેં જોયા કૈં કવિજન જતા ગીત રચીને,
વધાવી પૂજાથી કૃતકૃત થવા દર્શન લહી.

અને હૈયે મારે પણ ભરતીઓ ઊછળી રહી,
હુંયે દોડ્યો તેથી લઘુક બીન હૈયા તણું ગ્રહી;

ઉરે ધારીને કે મધુર ગીત નિશ્ચે જ ઝરશે !
અને રોકી શ્વાસો, ઉર તડપતે, દ્વાર સમીપે
ઊભીને મેં છેડ્યું કવન કવવા બીન ઉરનું,

અરેરે કેમ ના રવ પ્રગટતો એક પણ રહ્યાં !
પ્રભો ! કૃપા યાચું અરવ મમ વીણા રવ બને !

# ૪. દિનેશ કોઠારી

(૧૬-૯-૧૯૨૯ - ૫-૩-૨૦૦૯)

## ૧. ટન ટન ટકોરા

ટન્ ટન્ ટકોરા સાત
ઊગતા સૂર્ય સાથે શેકહૅન્ડ !
ટી-ટેબલે
બાળકો, પત્ની, પિતાજી સંગમાં
સિલોનની છાયા નીચે
ઈધર-ઉધરની ખાટીમીઠી વાત;
ટૉમીને ટા...ટા...
ફૂટપાથ પરના મંદિરે માથું નમ્યું;
લિફ્ટ ઉપર
આંખ નીચે કાગળો ને શાહીની લાંબી
શરત;
બે કરા મજેના
હા...શ...
ધૂમ્રગોટા !
ધૂમ્રગોટા !
ચિટચેટ મિત્રો સાથ,
અહીંથી ત્યાં
પણે...
થ્રી-ડી મહીં રોમાન્સ;
ટણનન્ કૉલબેલ
ભરનીંદમાં ગુમ બેબીને બોકી,
ચશચશ્યાં બે ચુંબનો
સ્વિચ ઑફ -

## ૨. અઢળક ઢળિયો રે શામળિયો

ચપટી તાંદુલ વેર્યા
ત્યાં તો મબલખ
મોલે લળિયો !
ખુલ્લાં ખાલીખમ
ખેતર તે
આજ ઝૂમતાં ડૂંડે,
લુખ્ખી જે લયહીન
હવા તે
ગુંજન કરતી હૂડે,
જર્જર શુષ્ક ધરાને
ફરીથી જોબન-
અવસર મળિયો !
ઊંચે આભ નીચે
જલથલમાં
આ તે કશી નવાઈ,
જ્યાં જ્યાં નજર
ફરે તે સઘળું
સાવ ગયું પલટાઈ,
ભેંકાર હતો જે ભૂત
હુંય તે દેવલોકમાં
ભળિયો !

## ૩. સમણાં લ્યો રે !

કોઈ સમણાં
લ્યો !
તનમનિયાં
ફૂલ સમાણાં
નમણાં લ્યો !
કેવા
અવલાનવલા
રંગ રે,
કેવો હૈયાનો
ઉમંગ રે,
કાલ નહીં કે
આજ નહીં
કહું હમણાં લ્યો !
એની
મલકે આછી
પ્રીત રે,
એનાં છલકે
છાનાં ગીત રે,
જેમ ખરે તેમ
ખીલતાં નિત
નિત બમણાં લ્યો !
સમણાં લ્યો રે
કોઈ સમણાં લ્યો !

## ૫. પન્ના નાયક
(૨૮-૧૨-૧૯૩૩)

### ૧. તને ખબર છે ?

તને ખબર છે ?
હવે હું તારું નામ બોલી શકતી નથી
એટલે
આજે તાજા જ પડેલા સ્નોમાં
હું તારું નામ લખી આવી
મારી આંગળીઓ એવી તો ઠરી ગઈ
પણ સાચે જ મઝા આવી ગઈ...
ને પછી
થોડીવાર રહીને વરસાદ પડ્યો...
હું તારું નામ વહી જતું જોઈ રહી.
વાસંતી વરસાદની સાથે
અચાનક ઊગી નીકળેલા ડૅફોડિલની
જેમ
મેં તારું નામ
વાતવાતમાં રોપી દીધું
પણ કોઈએ કશું સાંભળ્યું નહીં
કેમ જાણે
તારા નામના રણકારનો પડઘો
ફક્ત હું જ ઝીલી શકતી હોઉં !
અને બપોર પછી
નીકળી આવેલા
મેઘધનુને જોઈ
દિલમાં એક ધડકન ઊઠીને શમી ગઈ...
ફક્ત મારાં સ્તનો જ એનાં સાક્ષી હતાં.
સંધ્યાકાળે
નમતો સૂરજ
મારા ગાલે ઢળ્યો
અને તારા હોઠની છાપ જીવતી થઈ ગઈ.
પણ તું માનીશ ?
અહીં તો બધાંને
મારા ન બોલાયેલા
શબ્દોમાં જ વિશ્વાસ છે.
તું શું માને છે...?
હું બોલું કે ચૂપચાપ ચાહ્યા કરું..?

## ૨. ફરીથી Tropical

ભૂલી જઈએ તારું ને મારું મૃત્યુ
છે યાદ કરવા જેવું બીજું ઘણું.
એર-કન્ડિશન્ડ ઘર
એર-કન્ડિશન્ડ ઑફિસ
એર-કન્ડિશન્ડ બેંક
એર-કન્ડિશન્ડ સુપરમાર્કેટ
અને એર-કન્ડિશન્ડ ઈમ્પાલા ગાડી.
શું રોવું મૃત્યુને
જ્યાં
આ ઠંડી Controlled હવાના
સતત સહવાસથી
બની ગયેલાં એર-કન્ડિશન્ડ
તમ-મન આપણાં !
ખોલી નાખીએ પૂર્વની બારી
આવવા દઈએ સૂર્યની સવારી
ને બનાવી દઈએ
વાતાવરણ ફરીથી Tropical.

## ૩. પ્રતીતિ

પ્રેમ કરતાં કરતાં
તને થયેલા પરસેવાને
કદાચ
મારા છેલ્લા શ્વાસ
પંખો નાખી રહ્યાની
તને પ્રતીતિ થશે
ત્યારે પણ
તું મને હડસેલીને
સહજ ઊઠી
તારાં શર્ટ કોટ ટાઈ
ને
ચકચકતા શૂઝ પહેરી,
ગાડીની ચાવી કાઢી
બંધ કરેલી બ્રીફકેસને
હાથમાં ઝુલાવતો ઝુલાવતો,
મારા અનાવરણ મૃતદેહ તરફ
આંખથી
એકેય હરફ ઉચ્ચાર્યા વિના
વર્ષોના સહવાસને
રાખમાં ઢબૂરી દઈ
વ્યવસ્થિત મનોદશામાં
પ્રતિષ્ઠિત ગૃહસ્થી બની
કંઈ જ ન બન્યું હોય એમ
સડસડાટ
દાદર ઊતરી જશે..!

## ૪. સાંજનો સમય : દરિયાકાંઠો

*સાંજનો સમય : દરિયાકાંઠો :* પાંખ પસારીને ઊડતાં દેવદૂત જેવાં પંખીઓ
પાંખની ઉપર પ્રસરેલું આકાશ અને આંખની નીચે દરિયાનો રંગ
આ દૃશ્યને જોઈ જોઈને એક ક્ષણ હું પંખી થઈ જાઉં છું.
ખભાને વળગેલા મારા હાથ પાંખ તો નથી થઈ ગયા ને ?
જોઉં છું મને ક્યાંક ચાંચ તો નથી ફૂટીને ?
થાય છે કે હું મારા ઈંડામાંથી બહાર આવું છું
અને ઊડું છું આકાશમાં મારા કોઈ પંખી સાથે.
સાથે રહીને ઊડવાનો આનંદ ઉઘાડી આપે છે એક નવું આકાશ.
હું સાંજે પાછી વળું છું ત્યારે મારા વૃક્ષમાં આકાશ લઈને આવું છું.
પણ આકાશમાં જાઉં છું ત્યારે આકાશને વૃક્ષ કરી દઉં છું.
કેટલાંય સ્વપ્નોમાં સોનેરી તણખલાં લઈને મેં એક માળો રચ્યો છે
આકાશ અને વૃક્ષની વચ્ચે જે અવકાશ છે એ જ મારો માળો.
સાંજને સમયે પોતાની પાંખ પર ચંચલ આકાશને લઈને ઊડતાં પંખીઓને જોઈ
મારા અસ્તિત્વને એક અર્થ મળે છે અને એ થઈ જાય છે સ્વયં પક્ષીતીર્થ.

## ૫. યાદ આવે છે

દીવાનખાનાની બારી પાસે
સ્થિર ઊભી છું.
દીવાનખાનું છે,
બારી છે
પણ
નવા ઘરમાં
નવા સંદર્ભમાં
મને યાદ આવે છે
જૂના ઘર સામેના
વૃક્ષ-મિત્રો
જેની સાથે
મેં કેટકેટલી
વાતો કરીને
મારું મન ઠાલવેલું.
હું જેમ એમને યાદ કરું છું
એમ એ મને યાદ કરતા હશે ?
કે પછી મને ભૂલીને
નવા વસનાર સાથે
એમણે મૈત્રી-કરાર કર્યો હશે ?

■

## ૬. કોઈની બુદ્ધિના પાંજરામાં

કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજૂર નથી;
કોઈ પ્રેમને નામે મને ડંખ્યા કરે,
અને ઈચ્છા મુજબ મને ઝંખ્યા કરે;
જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું.
મને આવું અઢેલવાનું મંજૂર નથી.

પોતાની આંખ હોય પોતાની પાંખ હોય,
પોતાનું આભ હોય પોતાનું ગીત હોય,
મનની માલિક હું મારે તે બીક શી ?
હું તો મૌલિક છું,
હામાં હા કહીને ઠીક ઠીક રહીને,
મને ઠીક ઠીક રહેવાનું મંજૂર નથી.

માપસર બોલવાનું માપસર ચાલવાનું,
માપસર પહેરવાનું માપસર પોઢવાનું, માપસર ઓઢવાનું,
માપસર હળવાનું, માપસર ભળવાનું,
આવું હળવાનું ભળવાનું માપસર ઓગળવાનું
મને આવું પીગળવાનું મંજૂર નથી.
કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજૂર નથી.

## ૭. તું તારાં આંગળા

તું તારાં આંગળા મારે ગળે ફેરવી શકે છે
હું ઘુરકિયાં નહીં કરું
હવે તો સાવ પાળેલું પશુ બની ગઈ છું.

હું ભયાનક છું.
વાઘના સગપણમાં કંઈક છું
એવો સંશય જ કાઢી નાખ.
જો, જો, એક બિલ્લી
તારા હાથ, ગાલ, નાક ચાટે છે
તારા પગ પાસે આળોટી પડે છે.
તને એની સુંવાળી રુવાંટી જરાય નથી સ્પર્શતી ?

મારી જરૂરિયાત -
તારું દીધું દૂધ
અને તારા ભવ્ય આ મહેલનો એકાદ ખૂણો.
તું પુરુષ -
અને હું નાનીશી (નિર્દોષ?) બિલ્લી.

તું મને ઊંચકીને ઉછાળી શકે છે
હું તને નહોર નહીં ભરું;
જો, અહીં, મારે ગળે, મારે મોંએ હાથ મૂક.
મારી નરમાશનો ત્યાં તને પૂરો પુરાવો મળશે.
જો, જો, હું પાળેલું પશુ બની ગઈ છું.

પણ તારે મને ક્યાં પાળવી છે ?
દૂર દૂર વનમાં
ક્યાંક નગરની બહાર મૂકી આવવી છે, ખરું ને ?
કારણ મારે તારી શરત પાળવી મુશ્કેલ છે.
તારે ક્યારેય મ્યાઉં મ્યાઉં ન કરે એવી બિલ્લી જોઈએ છે

ભલા, મ્યાઉં મ્યાઉં વિનાની
કોઈ બિલ્લી હોઈ શકે ખરી ?

## ૬. ચિનુ મોદી 'ઇર્શાદ'

(૩૦-૯-૧૯૩૯ – ૧૯-૩-૨૦૧૭)

### ૧. આપણા સંબંધના

આપણા સંબંધના ઈતિહાસનો આ સાર છે;
પાણીની સમજણ નથી ને વ્હાણનો આકાર છે.

આ વખત પણ પીઠ પર બેસી ગયો પાછો પવન,
આપણો તો આ વખત પણ વ્હાણનો અવતાર છે.

છિદ્રવાળા વ્હાણમાંથી શું વજન ઓછું કરું ?
જીવવાની વૃત્તિનો સહુથી વધારે ભાર છે.

પાણીની પૂરી પરખ ને ઝાંઝવાં તરવાં પડે,
કેમ સમજાવું તને કે, વ્હાણ છે, લાચાર છે.

ડૂબતા 'ઈર્શાદ'ની ચારે તરફ આજેય તે
એક શું, પાણી ભરેલાં વ્હાણ, અપરંપાર છે.

### ૨. કાપ કરવત, કાપ

કાપ કરવત, કાપ, મારાં આંગળાની છાપને
હું કબૂલું છું, ગુલાબો ચૂંટવાનાં પાપને.

સૂર્યનો સિક્કો ઉછાળ્યો, મેં હવામાં, એ પછી
રાતદિન, દિનરાતના ભૂલી ગયો છું માપને.

ભેજ આંખોમાં લઈને આવનારાં ઓ સ્મરણ !
સ્હેજ તો સમજો તમે, બે આંખના સંતાપને.

શું કહું કેવું ઝનૂની છે અવાજોનું વલણ,
સાત ભવના એકસાથે ઉચ્ચરે છે શાપને.

વ્હાલા સંગાથે થયાં અદૃશ્ય, સરિતાસુંદરી !
આપને, 'ઈર્શાદ' શોધે છે, હજીયે આપને.

## ૩. પિતાની પ્રથમ મૃત્યુતિથિએ

તમે મારાથી કાં દૂરદૂર થતા જાવ ? તમને
ધકેલે ધીમેથી સમય...

સવારે ઊઠ્યામાં સ્મરણ થઈ આવે પ્રથમ, તો
વિના કોઈ બ્હાને અવશ ઉપર મોંફાટ રડતાં,
કડી સંબંધોની સહજ પણ ઢીલી થઈ ન'તી,
ઘરે વાતેચીતે વિષય પણ એ એ જ; મળતાં
પથે સ્નેહીઓ તો સ્મરણ સઘળાં યાદ કરતાં
તમારી સાથેનાં.

હવે વીત્યે થોડો સમય નથી હું યાદ કરતો
પહેલાંની પેઠે; કલીક લઉં ચા બે કપ યદિ
તમારી પેઠે તો સ્મરણ ઉરમાં જાય છલકી;
વરે ધીમે ધીમે મુજ ઉરદશાને ઘર બધું.

તમારાથી હુંયે દૂરદૂર થતો જાઉં, હળવે
મનેયે દે ધક્કો સમય...

## ૪. તો ?

શ્વાસમાં છલકાય છાની ગંધ તો ?
ને બધે ચર્ચાય આ સંબંધ તો ?

કંઠથી છટક્યો ટહુકો મોરનો,
ડાળ પરથી જો મળે અકબંધ તો ?

આંખમાંથી આંસુઓ લૂછો નહીં
તૂટશે પે...લો ઋણાનુબંધ તો ?

લાગણીભીના અવાજો ક્યાં ગયા ?
પૂછશે મારા વિશેનો અંધ તો ?

હું ક્ષણોના મ્હેલમાં જાઉં અને
કોક દરવાજો કરી દે બંધ તો ?

## ૫. કોને ઘેર ગ્યાં'તાં –

મને શું પૂછે છે કે
        તડકો પ્હેરીને અમે કોને ઘેર ગ્યાં'તાં ?
        પાણી વ્હેરીને અમે કોને ઘેર ગ્યાં'તાં ?
હું તો સ્વસ્થાને - માળામાં પરોવેલા મણકા જેવું હરુંફરું.

મને ક્યાંથી જાણ હોય કે
        ચાંદો ચોડીને તમે કોને ઘેર ગ્યાં'તાં ?
        ખીલો છોડીને તમે કોને ઘેર ગ્યાં'તાં ?

ડર પામી જવાય એટલો હું ડઘાયેલો છું,
તાણી બાંધેલા તંબુ જેટલો ખોડાયેલો છું,
અને તમારી સાથે જોડાયેલો છું.

        જંગલને જેમ ઝાડ છે
        પાણીને જેમ પ્હાડ છે – એમ સ્તો.
આમ તો અમસ્તો, પણ દરિયા વચ્ચે બેટ - બેટ હોઈ શકે;
        હોઈ શકે ;

        આકાશમાં હાથી હોઈ શકે,
        વાદળના હાથી હોઈ શકે.
        જન્મમૃત્યુ વગરનાં ફૂલ હોઈ શકે,
        કાગળનાં હોઈ શકે.

પણ, એથી તમને ઓછું પુછાય કે
આંબો ઓઢીને તમે કોને ઘેર ગ્યાં'તાં ?

## ૬. સાંજ

સાંજ થઈ ગઈ છે
હમણાં રાત પડશે.
હમણાં એ ઝાંઝર ઝમકાવતી
કંકણ ખણકાવતી
રથે ચડીને આવશે –
મારું આંગણું ચોખ્ખું નથી.

અંદરના ઓરડામાં તો
ઘૂઘવતા દરિયાનો
ભરતી પછીનો કાંપ છે;
મરેલી માછલીઓની
ટોપલો ભરીને ગંધ છે;
એને બેસાડીશ ક્યાં ?
સાંજ થઈ ગઈ છે
મારાં દાદીમા કહેતાં
'સાયંકાળે સાવરણીને
અડાય સુધ્ધાં નહીં, હોં !'
અને સાંજ તો ઢળી જ ગઈ છે.

## ૭. મોકો મળ્યો

સરસ વાત કરવાનો મોકો મળ્યો,
તને પુષ્પ ધરવાનો મોકો મળ્યો.

મને ક્યાં ખબર : હું છું વ્હેતો પવન,
બધાં ઘેર ફરવાનો મોકો મળ્યો.

હતાં ઝાંઝવાં એથી સારું થયું,
મને રેત તરવાનો મોકો મળ્યો.

થયુંઃ હાશ છે કે સારું છે તો ખરો,
ખુદા છે તો ડરવાનો મોકો મળ્યો.

બચતમાં હતાં અશ્રુઓ એટલે
નયન બન્ને ભરવાનો મોકો મળ્યો.

મુસીબત પડી એ તો સારું થયું,
સ્વજનને તો સરવાનો મોકો મળ્યો.

ગઝલને થયુંઃ છે આ 'ઈર્શાદ' તો
ઠરીઠામ ઠરવાનો મોકો મળ્યો.

## ૮. ગઝલ

કોણ પૂછે તો કહું કે આ ઉદાસી કેમ છે ?
ગામ, શેરી ને પછીથી ઘર કુશળ છે, ક્ષેમ છે.

જે હતાં લીલાં હવે સૂકાં થયાં, એ ડાળખી !
પાંદડાંને કારણે પોપટ હતા-નો વ્હેમ છે.

બંધ દરવાજે ટકોરા મારતાં તારાં સ્મરણ,
નામ સરનામા વગરના કાગળોની જેમ છે

હું તને મારી ગઝલ દ્વારા ફક્ત ચાહી શકું,
એ સમે આ શબ્દ સાલા સાવ ટાઢા હેમ છે.

થાય છે કાયા વગરનો એક પડછાયો હવે,
શેખજી ! 'ઈર્શાદગઢ'નો એ નવો હાકેમ છે.

## ૯. તપાસીએ

જળમાં હવે જડતું નથી, તટને તપાસીએ,
એ બિંબ શોધી કાઢવા મનને તપાસીએ.

કેવો નડે છે જીવને આ દેહ આપણો,
વજ્જર સમાણા કોટના ગઢને તપાસીએ.

દૂઝ્યા કરે છે કેટલાયે ઘા રહી રહી,
એમ જ વધેલા આપણા નખને તપાસીએ.
આકાશનું વધતું જતું એકાંત જોઈને,
હાંફી ગયેલા શ્વાસના પગને તપાસીએ.

સિક્કો હવામાં થાય છે ગાયબ ઊછળતાં,
ઊડી ગયો છે જીવ ને શબને તપાસીએ.

વાહન બનેલા દેહની કેવી દશા થશે ?
ભડભડ બળેલા કૃષ્ણના રથને તપાસીએ.

ટોળે વળેલા ગીધને 'ઈર્શાદ' કોઈ કહો,
આવી રહેલી આખરી પળને તપાસીએ.

## ૭. રમેશ ત્રિવેદી
(૧૮-૧૧-૧૯૪૧)

### ૧. આપણું ગીત

ક્ષણને ટીપે સાત સમંદર તર્યા આપણે બડભાગી,
આંખમીંચોલી દિવસ-રાતની રમ્યા આપણે બડભાગી !

ઊગમણાતી ઝરમર ઝરમર ઝાંયમહીંથી
છલાંગ કરતાં હરણાં રાતાં કૂદે,
હરણાં તો ભૈ, નદી-પહાડને ધુમ્મસ ધુમ્મસ
નગર ઠેકતાં પડછાયામાં ડૂબે.

પારેવાની ચાંચ મહીંથી જલબિંદુ થઈ ખર્યા આપણે બડભાગી.
આંખમીંચોલી દિવસ-રાતની રમ્યા આપણે બડભાગી !

લૂંબઝૂંબતી પાર વિનાની ચણોઠડી
ને ચણોઠડીનાં કંઈ કેટલાં ઝાડ !?
ઝાડઝાડને પાંદપાંદડે ઊગે-આથમે
સમણાંઓના ગગનચુંબતા પહાડ !

અંત વિનાના નાટક વચ્ચે અંતરિયાળ ઢળ્યા આપણે બડભાગી
ક્ષણને ટીપે સાત સમંદર તર્યા આપણે બડભાગી !

## ૨. સજની મારી ભોળી

આભે ખીલ્યું ફૂલ તું તો સજની મારી ભોળી,
રજની જોને મહેકે કેવી જાણે ગંધ ઝબોળી.

સંગેમરમર દરિયો ઘૂઘવે
ઊછળે મોજાં દૂધમલ,

અબીલ સરખો વાયુ વહેતો
પોત નદીનું ઝલમલ;

ઘેનભરી આ વાટકડીમાં અમરત દીધાં ઘોળી,
આભે ખીલ્યું ફૂલ તું તો સજની મારી ભોળી.

ના શ્રાવણ ના વાદળી ને
વરસે તો ય વહાલ,

એક નજરમાં ભીંજવી દઈને
કીધા અમને ન્યાલ;

દિશાઓના દશ દરવાજા પળમાં દીધા ખોલી,
આભે ખીલ્યું ફૂલ તું તો સજની મારી ભોળી.

## ૩. કે હું તો હરિ-વરજીને વરી !

હાં રે સખીરી જનમજનમની આશ મારી ફળી,
- કે હું તો હરિ-વરજીને વરી !

ઠાલી દૂધની તાંબડી તોય
વા'લે મુજને પીધી,
ધૂળની એક રજકણને જોને
ગોવર્ધન'શી કીધી.

પીળી-પચરક પાંદડીને હરિતવર્ણી કરી,
- કે હું તો હરિ-વરજીને વરી !

જીરણ-જર્જર વેલ ઢળી તો
હરિએ હળવે સાહી,
અંસુઅન કેરાં જમનાજળમાં
હરખ હરખ કર નાહી,

મન મૂકીને મારામાંથી ગઈ કેવી હું સરી !
- કે હું તો હરિ-વરજીને વરી !

## ૪. આષાઢી છાલકનું ગીત

પંખી ઊડ્યાં આભે વગડો આખો લઈ રે,
ખેતરમાંનાં ડૂંડાં બોલ્યાં : જોવા જેવી થઈ રે !

સવારનો સૂરજ વેરાયો
ઝાકળભીનાં ઘાસે,
લીલોભમ્મર બાજરો
મહેકે ચાસે ચાસે.

પાંપણ થઈ ગઈ પતંગિયું જોને મારી બૈ રે.
પંખી ઊડ્યાં આભે વગડો આખો લઈ રે !

ઘેનઘેઘૂર સીમ આખી
વાયુ લીલો વાતો;
વેલને જોઈ બાવળ સુક્કો
છમ્મ લીલો થઈ જાતો,

અષાઢની છાલક લીલી છાતી સોંસરી ગઈ રે,
ખેતરમાંનાં ડૂંડા બોલ્યાં : જોવા જેવી થઈ રે !

## ૫. હું હારી જીવણજી !

મારે આંગણે કોરી ક્યારી જીવણજી,
એમાં વ્હાલની રોપી ડાળી જીવણજી.

તમે હેતની વરસ્યા હેલી જીવણજી,
પછી આગમાં દીધી ધકેલી જીવણજી.

ગઈ ભોળવી મૂરત પ્યારી જીવણજી,
આંખ જમના-જળની ઝારી જીવણજી.

વ્હાલા વ્હાલાને થયા વેરી જીવણજી,
વણકરવતે તમે વ્હેરી જીવણજી.

મારા રુદિયે મોરની પીંછી જીવણજી,
હવે ડંખે કાળમીંઢ વીંછી જીવણજી.

કાળી રાતોએ ઘેરી ઘેરી જીવણજી,
સૂની સૂની ગોકુળની શેરી જીવણજી.

તમે જીત્યા જીત્યા, હું હારી જીવણજી,
દઉં તન-મન-ધન સૌ વારી જીવણજી.

## ૬. નગરવટો

હવે
કબર જેવડી મારી ખોલીમાં પૂરાઈને
જ્યાં આંખ મીંચીશ હું
ત્યાં મારો હાથ ખેતરને શેઢે મૂકેલી
ઢોચકીનું પાણી પીવા
લંબાતો લંબાતો જશે,
હાથ ગિલોડીના માંડવે ખોસેલી
વાંસળીને ફંફોસશે, ને ત્યારે
કાનમાં પડઘાઈ ઊઠશે
શિયાળવાની લાળી જેવી ભૂંગળાઓની
મૃત્યુચીસો,
ઈલેક્ટ્રિક ટ્રેનો, ડબલ-ડેકરો એક સામટી
છાતી પરથી દોડવા માંડશે-દશ-વીસ-પચ્ચીસ
ક્યારેક તો કલ્પવૃક્ષનું સમણું આવશે જ આવશે,
ને ત્યારે માગી લઈશ હું:
ચોર્યાસી લાખ જન્મોનો
નગરવટો.
(કવિમિત્ર ભગવતીકુમાર શર્માને અર્પણ)

# ૭. વિષાદ

થાય છે કે –
ફાટેલ બાંયથી
લીંટ નીતરતાં નાકને લૂછતા
ને વછેરું થઈને કૂદકાતા મારા બાળપણને
આંગળીએ વળગાડી લઉં,
– ઊંડો શ્વાસ ખેંચીને
આખી ને આખી હરીભરી સીમને
ભરી દઉં ફેફસાંમાં.
– પોટકામાં બાંધીને લઈ જાઉં
તુવેરોનાં લચેલાં ખેતરોને.
– પાંપણના પિંજરામાં પૂરી દઉં
ઊડતા સૂડાઓનાં રંગીન ટોળાંઓને.
– બાળપણના ભેરુ જેવાં ટોળે વળીને ઊભેલાં વૃક્ષો
ડૂસકાતા સાદે 'આવજો' કહી રહ્યાં છે
એમની આંખ લૂછી લઉં જરી...
પણ...
વડલા નીચે ખોડેલા પાળિયાની જેમ
મૂક બનીને ઊભેલી
બાની ઝીણી ભીની આંખોમાં
કેદ પુરાયેલી મારી જાતને
કેમ કરી છોડાવીને લઈ જાઉં હું ??...

# ૮. દિવસનું મૃત્યુ

મોંસૂઝણાના સ્રોવરજળે
તરતી અંધકારની લાશને
કાગડાઓ પહેલ વહેલી ચાંચ મારે
ત્યારે
દરમાંથી નીકળતા સાપોલિયાની જેમ
ટૂથપેસ્ટની ટ્યૂબમાંથી નીકળીને
વૉશબૅસિનમાં ખળખળ થતો
કપની ચામાંથી સીપ થઈને
શાવરમાંથી દ્રુત ગતિએ વરસતો
છૂરી, કાંટા, પ્લેટે ખડીંગાતો ખડીંગાતો
ને પછી
બસ, સ્કૂટર કે બાઈસિકલે ચડી
દોડતો હાંફતો હડકાયા શ્વાન શો
દિવસ,
જ્યારે ધૂંધળી ક્ષિતિજે
ટ્રકના પૈડા જેવો સૂરજ ખૂંપી જાય
ત્યારે
કોલાહલનાં અરણ્યમાં હિંસ્ર પશુની બીકથી
મુઠ્ઠી વાળી દોડતો દોડતો
અંતે શરીર પરથી ઊતરીને
હૅન્ગર પર ખીંટાઈ જઈને પામે
(રોજ રોજ) ક્રૉસ પર ચડેલા ઈસુની ગતિને...

# ચાર લઘુ કાવ્યો

## ૧.

નેશનલ પાર્ક પાસેથી
પસાર થઈ રહેલા
એક માણસના ખભે
આવીને બેસી ગયું
એક પતંગિયું,
ને એ માણસ
તરત જ
ખોડાઈ ગયો
રસ્તા વચ્ચે
છમ્મ લીલું છમ્મ
વૃક્ષ બનીને.

## ૨.

ઑફિસેથી છૂટેલો
એક માણસ
સીધો ઘેર ન જતાં
જઈ પહોંચ્યો
મ્યુઝિયમમાં,
ને ત્યાં
પુરાતત્ત્વ વિભાગમાં મૂકેલા
મમી સામે ઊભો રહીને
ખડખડાટ હસતો હસતો
બોલી ઊઠ્યો :
– કોઈ ખસેડી લ્યો આ મમીને
મારે સૂવું છે અહીં નિરાંતે.

## 3. બા

ઢળતી સાંજે
બા
સૂનમૂન બની
જોયા કરે
જૂઈની સુક્કી ડાળ પરથી
એક પછી એક ખરતાં
ફૂલો-કોઈ ઓસ્ટ્રેલિયા
કોઈ અમેરિકા, કોઈ...
ને એમની પ્રત્યેક
ઢળતી સાંજ
બની રહે
વધુ ઉદાસ
વધુ ગમગીન

## ૪.

જિંદગી
આખી
દોડી દોડી
હારી થાકી
આ માણસ
કેવો નિરાંતે બેઠો છે
બેસણાંના ફોટામાં !

■

## ૮. નટવર પટેલ

(૧૭-૧૧-૧૯૫૦)

### ૧. અલ્લડ છોકરી

ખેતરમાં ખડ લેવા કોણ કોણ આવે,
એ જોવાનું ચાડિયાનું કામ,

ખેતરમાં ખડ એવું ઊગ્યું કે આવે છે
લેવાને આખ્ખુંયે ગામ.

ઉગમણે દેશની આવે રે ચકલી
ચણવાને સમણાંનો દેશ,

ચકલીને ચણિયામાં ચીતરીને આવતી
ચકલી રે છોકરીને વેશ.

ખોસેલા ખોળામાં જોબનિયું લાવતી ને
આંખોમાં છલકાતો જામ.

હાકોટા-પડકારા ચાડિયો રે પાડતો
કાઢીને ડોળા એ મોટા,

ફાટેલી ચડ્ડીના ગૂંજેથી કાઢીને
ગોફણાં એ વીંઝતો ખોટા.

નફ્ફટ એ છોકરી દાંતિયા રે કાઢતી
ખેતરમાં ફરતી બેફામ.

ચાડિયાની ચુગલી ખેડુના કાનમાં
ખેડુની આંખ થઈ રાતી,

અલ્લડ એ છોકરી ખેડુની હાજરીમાં
ચાડિયાની આંખમાં ના'તી.

વાદળની છોકરીએ સમણાંનો દેશ ત્યજી
ચાડિયામાં કીધો મુકામ.

## ૨. ઢોલને માથે ડંકો રડતો

ઢોલને માથે ડંકો રડતો ગામને પાદર જાય,
આંગણ, શેરી, પાદર આજે ડૂસકાં ધીમાં ખાય,
મેંદી રંગ્યા હાથને જોતી બહેની નિજને પૂછે,
'ક્યા ખોવાણાં પાંચીકાઓ ?' ઝરતી આંખડી લૂછે,
સાથમાં શાણી સખીઓ બેઉ રડતી ગાણાં ગાય,
આંગણ, શેરી, પાદર આજે ડૂસકાં ધીમાં ખાય.
માનો ખોળો ખૂંદતી ત્યારે પડતો મીઠો માર,
મોભ સમાણી દીકરી કેરો ખભે ઝીલતી ભાર.
રડતી માની આંખને ખૂણે હેતનો વાયર વાય,
આંગણ, શેરી, પાદર આજે ડૂસકાં ધીમાં ખાય.
શેરી વચાળે બાળપણું આ સંતાકૂકડી રમતું,
કૂવાકાંઠે, વગડા વચ્ચે જોબનિયું આ ભમતું.
ડમણિયાની ધૂળમાં આજે ગવન ઝોલાં ખાય,
ઢોલને માથે ડંકો રડતો ગામને પાદર જાય.

## ૩. એક વૃદ્ધની સ્વગતોક્તિ

બસ, હવે તો એકલખૂણે બેસીને રડવાનું
આગળ જીવન જીવ્યા એને યાદ કરી જીવવાનું,
ભરજુવાની એમ જ વીતી,
થનગનતો અસવાર,
અણદીઠેલી ભોમે ભટક્યા,
લાગી જરી ના વાર.
ઉંબર ચડતાં આજે તો ભૈ કૈંકવાર પડવાનું,
બસ, હવે તો એકલખૂણે બેસીને રડવાનું,
માથે પરિયા, આંખે આવ્યા
અંધાપાના દરિયા,
મોઢામાંથી એક પછી એક
દાંત બધાયે ખરિયા.
સુંવાળપ તો ચાલી ગૈ આ કરચલીએ અડવાનું,
બસ, હવે તો એકલખૂણે બેસીને રડવાનું.
ટેકો લઈને ઘર ને મંદિર,
બાગે ફરવા જાઉં;
જીવતરનું આ વિષાદ ગાણું
મૂંગો મૂંગો ગાઉં.
આપણ જાતે ઊભા થઈને આપણને જ નડવાનું,
બસ, હવે તો એકલ ખૂણે બેસીને રડવાનું.

## ૪. મનડાનો મોર

હૈયામાં ટહુકે છે મનડાનો મોર
અને મુખડા પર લજ્જાની કોર છે;
ઉંબરાની બ્હાર આ પગલું મંડાય ના,
મરજાદી વ્હેમ ચારેકોર છે.
લાજનો આ ઘૂમટો તાણીને બેઠી હું
વ્હાલાની વાટડી જોતી,
આંખ્યુંથી એક મટકું ન મારતી
તનડાનું સાનભાન ખોતી,
સુક્કા આ હોઠ જપે જેનું રે નામ
એ તો હૈયામાં છુપાયો ચોર છે.
વગડાના મોર તો ચોમાસે ગહેકે
ને, ટાંકેલા મોર મધરાતે,
આંગળીના ટેરવાને અડકે ના કોઈ તેથી
મેં'દી મૂકી છે મેં જાતે;
બ્હાર ભલે ચાંદની રેલાતી હોય બધે
ઘૂંઘટમાં રાત ઘનઘોર છે.
હૈયામાં ટહુકે છે મનડાનો મોર
અને મુખડા પર લજ્જાની કોર છે.

## ૫. મરી જાય રેતી
(ગઝલ)

પછી હાથમાંથી સરી જાય રેતી,
અને જાતમાંથી ખરી જાય રેતી.

સમણાના ખેતર અહીં સાવ રેઢાં,
થઈ દિલ હરણું ચરી જાય રેતી.

જમાનો હવે તો થયો છે નમાલો.
રહે સ્થિર પાણી ફરી જાય રેતી.

નદીને તમે જો પછાડી શકો તો
તરંગો વહે ને ઠરી જાય રેતી.

વધારે કહું તો ન પાગલ સમજતા
રુદિયો રડે ને ઝરી જાય રેતી.

અગર આંધી આવે સુકાની ન ફાવે
વહાણો ડૂબે ને તરી જાય રેતી.

નથી વાત કરવી અમારી તમારી
હસાવી રડાવી મરી જાય રેતી.

## ૬. જો હોત મને

ખેતરમાં
ઢાળિયાની ધારે ઊગેલો
લચી પડેલો નાજુક છોડ
જોતો ઊભો - ચૂપ ચાડિયો !
થાય મન
જો હોત મને
બાળક જેવા નાના પગ
તો ધીમી પગલી
ભરતો ભરતો પહોંચત
છોડ કને
ને પછી ખેડૂત જેવો
ફેરવી પ્રેમાળ હાથ
ઊભો કરત.
પણ...

## ૭. લાવ જરી હું ય

માથા પરથી ઊડતાં જોઈ પારેવાંને
ચાડિયાને ય મન થાય
લાવ જરી હું ય વિહરી લઉં.
વાડ ઠેકતી જોઈ ગાય
ચાડિયાનાય પગ સળવળે.
માથા ઉપર આગળ પાછળ
કલબલ કલબલ કાબર ટોળાં
અક્કડ બેઉ હાથ વાળીને
ખોસી દેવા કાનમાં આંગળી
બાંય મહીંથી હલબલે આ હાથ.
કણસલાંની માથે બેસી
દાણાં ચૂગતાં ચકલાં જોઈ
ચાડિયો ગળા નીચે ઉતારી જાય થૂંક !

## ૮. ચાડિયાજી બોલિયા

એમ સુણી ચાડિયાજી બોલિયા સુણ મારા ખેડૂતરાય,
વિસ્તારી સંભળાવું મારા અવતારનો મહિમાય.

તારે ખેતર જનમ ધર્યો ને
તારે ખાતર જીવ્યો,
ઉઘાડ અંગે રહીને મેં તો
તારો ડગલો સીવ્યો.

વાયરે ખેતર લૂમેઝૂમે ને મુજને ઠંડી વાય,
વિસ્તારી સંભળાવું મારા અવતારનો મહિમાય.

ધ્રુવ સરીખો ઊભો રહીને
ધરતો પંખી-ધ્યાન,
પંખી ને ઢોર મારાં સ્નેહી
એવું લાધ્યું જ્ઞાન.

સહિયારા આ ખેતરમાંથી પૂછ્યા વિણ સૌ ખાય,
વિસ્તારી સંભળાવું મારા અવતારનો મહિમાય.

જનમારો આ ખેતર માંહે
એમ જ મેં વિતાવ્યો,
ગરજ મટી ને ફેંકી દીધો
જરા દયા ના લાવ્યો ?

તારી હાલત એવી થાજો, શરાપ શીદ દેવાય ?
એમ કહી ચાડિયાજી રડિયા, ઈતિ સિદ્ધમ્ મહિમાય.

## ૯. મોસમ જીવી જાતો

ઓઢણી છેડો ફરકાવતી ખેડુ-કન્યા આવે,
હાથમાં ચારિયું, દાતરડું એ સંતાડીને લાવે.
મારી આગળ-પાછળ ફરતી ચારનો કલ્લો કરતી,
ફાંટ ભરાતાં મારી પાનીએ ચારનો ઢગ્ગો ધરતી.

વાઢતાં થાકે, મારી સામે 'હાશ' કરીને બેસે,
કાંકરી હાથમાં લઈને તાકે, મૂંગા હસતાં વેશે.
ચાડિયો મારું નામ પડ્યું છે જગના સૌ એ જાણે,
એણે મારું નામ પાડ્યું છે 'મૂંગો' કેમ જાણે !

કેમ 'લ્યા મૂંગા, એકીટશે જોઈ રહ્યો છે મુંને ?
મેરને રોયા, લાજતો નથી, શું કહેવું તુને ?
ગાંસડી મોટી, માથે મૂકી, શેઢે શેઢે ચાલે,
હાલક ડોલક પીઠની પાછળ મારો માંહ્યલો મ્હાલે.

આવી અમથી પળને ઝીલી મોસમ જીવી જાતો,
ઓઢણી, ચોટલો, ખંજન, ખીખી, એટલામાં હું ના'તો.

## ૯. ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ
(૮-૧૦-૧૯૫૧)

### ૧. મંજિલ...

અંધકારના થર પર થર ખડકાતાં જ ચાલ્યા...ને
તેના ભારથી દબાઈને હું ઊંઘી ગયો !!
પછી ધીરે ધીરે...
અંધકારના ગઢ્ઢા ઓગળવા લાગ્યા...

ને આખરે સવાર પડી !
ઊઠીને જોયું તો ચારેકોર
રેતીના ઢગલેઢગલા ખડકાઈ ગયા છે !
પણ હવે હિંમત હાર્યે કેમ ચાલે ?

મેં ખોબે ને ખોબે રેતીને ઉલેચવાનું શરૂ કર્યું...
માથે પહોંચેલો સૂરજ આગ વરસાવવા લાગ્યો !!
તૃષા છિપાવવા મેં કરી મૂકી દોટાદોટ.
પણ મળ્યું માત્ર મૃગજળ !

સાંજના પડછાયા હાલતાં જોઈ,
મારા પગ બની ગયા થાંભલા
ને મંજિલ તો હજુ છે દૂરની દૂર !!!

## ૨. ઝાડ

માણસ નામે ઝાડ...
ઝાડને લાંબા લાંબા પાન !
પાનની ટોચે બેસી રોજ,
ગાતી કોયલ મધુરાં ગાન...

ગાનને સુણવા રોજ સવારે,
આવે પેલું મોટું આભ !
આભમાં શ્વેત શ્વેત પોલાણ,
પોલાણમાંથી પ્રગટેલી
પરીઓનાં ત્યાં
નિત્ થાતાં મોહક નાચ !
નાચ મહીં થઈ મગ્ન
સુણતાં કોઈ મધુરું ગાન...

આવ્યું એવું તો બસ તાન,
કે ભૂલાયું સઘળું ભાન,
ભાન ભૂલાતાં ડાળી તૂટી
ને,
ખરી પડ્યાં સૌ પાન...
પાન વિનાનું વરવું વરવું ઝાડ...
ઝાડને...

## ૩. કાળ

– ની ગોદમાં રમતાં, ઊછળતાં
ને કૂદાકૂદ પ્રેમથી કરતાં
હજારો બાળકો -
ઊછરી રહ્યાં દિન-રાત
માસી પૂતનાસમ ઘાત
પામીને,
બની નિર્બળ અને નિસ્તેજ.
તે મહીં
ક્યારેક કોઈ કાનુડો
પણ પાકતો,
દૂધ માસીનું પણ માપતો,
જે –

## ૪. પ્રવાહ...

શાંત સમંદર
સુપ્ત સરોવર
વહી રહ્યાં નિર્ઝરીનાં નીર !
સ્થિર ઊભાં દ્રુમ,
મૌન સૂતાં તૃણ,
પર્ણ સૂંઘતો
સ
 રે
  સ
   મી
    ર !
વાદળનાં ઘેરાયાં વન,
ગડગડાટ ના,
ગર્જન ના,
છતાં
વરસતાં
ઝ
 ર
  મ
   ર
    નીર !

## ૫. પ્રવાસી પૂર્વીનો

(શિખરિણી)

પ્રવાસી પૂર્વીનો તિમિરઘન વિશ્વે ઉતરતાં
ઘડી થંભ્યો, ઊંઘ્યો, ઝટપટ ઉઠી તેજ ગતિએ
શરૂ કીધી યાત્રા, પણ તન તણો થાક હજુયે
ન'તો પૂરેપૂરો દૂર થઈ શક્યો, ને મન મહીં
ઘણી નાની મોટી મૂંઝવણ તણો પાર પણ ના;
તથા તેથી તેના ડગ કઈ દિશે ચાલી નીકળ્યા-
રહ્યો તેનો તેને નવ મનમહીં ખ્યાલ સરખો.
બન્યો તે પીવામાં મગન-નિશિગન્ધાની સુરભિ.

પરંતુ રાત્રિનો મનગમત ગાળો વિરમિયો
અને પૂર્વીમાંહી ઉદિત થઈ ઉષા દ્યુતિમતી.
પછી આવ્યું ભાન-અરર ! અડધી રાત ચરણો
ઘણું ચાલ્યાં તોયે સમય સઘળો વ્યર્થ જ ગયો.
છતાં, ચાલો, પેલી પૂરવદિશના દર્શન થયા,
ઘડી ફંટાઈને પણ, ચરણ લક્ષ્યે તો વળીયા !

## ૬. પરિવર્તન

(શિખરિણી)

હજી અંધારાનાં નિતનિત નવાં ઝાડ ઊગશે !
અને ઊંચાં ઊંચાં થઈ ગગનની ટોચ પૂગશે !

વનો એ વૃક્ષોનાં અવનિતલપે વૃદ્ધિ કરશે,
ડરેલા સૂર્યો તો હળુ હળુ કરી દૂર સરશે !

'થવા શું બેઠું છે અવ જગતનું ?' એમ વદશે
ઘણા લોકો; સાથે સૂધબૂધ ગુમાવી, નયનને

નમાવીને નીચા, ચુપ થઈ બધો તાલ દૂરથી,
નિહાળી રહેનારા પણ મળી રહેશે, તરુણ કો'

ઝુકાવી સંગ્રામે નિજ જીવનની જ્યોત બુઝશે
તહીં સુધી ઝૂઝી પરમગતિને પંથ પળશે !

પછી, અંધારાના ગહનવનમાં એક તણખો
પડ્યો જ્યાં, ત્યાં તેમાં ભીષણતમ અગ્નિ પ્રજળશે !

તમિસ્રે સર્જેલી મનહર મહેલાત તૂટશે;
નવોલ્લાસે ત્યારે નવજીવનનો સ્રોત ફૂટશે !

# ૭. શરદપૂનમ નિહાળીને

(શિખરણી)

ફરી ઊગી આજે શરદઋતુની પૂનમ નભે.
સરેલાં વર્ષોની રસસભર યાદો ઊમટતી
અને કો' આછેરા પુલક સ્પરશે હું સરકતો
સિતારાની સૃષ્ટિ મહીં, અવનવા રંગ દિલમાં
ઊઠી કૂદી નાચી રમત રમણા ગેલ કરતાં !

વહેતી ધારામાં તરણિ મહીં બેસી ગગનમાં
કરેલી કૈં સ્હેલો મનમુકુરમાં આજ ઊપસે
અને આંખોથી જે પ્રણયરસ પીધો...

હવે તો એ યાદો મૃગજળતણું રૂપ લઈને
લુભાવંતી; રાત્રે સપનસરનાં ક્ષુબ્ધ જળને
જરા ધ્રૂજાવી દૈ ખળખળ કરીને સરકતી;
સવારે સોનેરી કિરણજળમાં ઝાકળ બની

ભળી જાતી. આજે સમદરમહીં ભવ્ય ભરતી
નિહાળીને આશા મુજ સતત નિઃશ્વાસ ધરતી.

## ૮. પંખીને –

તારાં તે ગીત રાત દા'ડો ગૂંજે ને મારે ગીત તણી શોધ સદા કરવી,
મને લાગે છે વાત આ તો વરવી.

સાંજ ને સવાર તું તો બારે મહિનાય મીઠી રચ્યા કરંત રૂડી રમણા,
થાકી પાકીને હું તો લોથપોથ થાઉં તો યે આવે ના બે'ક રૂડાં શમણાં.
પાંખો પસારી તું તો આખું અવકાશ ઊડે, નાવડીથી નદી મારે તરવી,
મને લાગે છે વાત આ તો વરવી.

સૂરજનાં કિરણો ને વાયુની લહેરખી ને ઋતુઓથી મેળ તારે મોટો,
ડાળ-ડાળ, વંન-વંન, ખંડ-ખંડ ઘૂમે તું, વેગ મહીં તારો ના જોટો.
નાનકડા કૂપ તણી નાની દુનિયામાં મારે અમથી કૂદાકૂદ કરવી,
મને લાગે છે વાત આ તો વરવી.

## ૯. જાગૃતિ

(વસંતતિલકા)

અંધારની અજબ હૂંફ ભરેલ કાળી
ઓઢી પછેડી મનમાં હું રહ્યો વિમાસીઃ
સાચ્ચે જ આ શું મુજને હૂંફ આપતી કે
જાતે જ આત્મછલના હું કરી રહ્યો છું ?

ઊઠ્યાં અસંખ્ય મનમાં ઋજુ મંદ મોજાં,
જે શાંત કૈંક ક્ષણમાં થઈ દૂર ભાગી
જાશે; વિચાર કરતો હું હતો, તહીં તો
એવી પ્રચંડ ભરતી મનમાં ચડી કે
આકાશના નખત ચાંદ બધાં તણાવા
લાગ્યાં અને અવનિના વનકુંજ વાડી,
ગાડી તથા ગગનચુંબી વિશાળ મ્હેલો
તૂટી ગયાં ફક્ત એક ક્ષણાર્ધ માંહે !

જાગ્યો; પછી ક્ષિતિજ નૂતનના કિનારા
દીઠા ! અને નવલજોમ ભરી પ્રયાણ...

## ૧૦. પણ

(શિખરિણી)

ઉઠાવ્યું જ્યાં પ્હેલું કદમ વણજાણ્યા પથ પરે
ઉઠ્યાં શંકાઓનાં વમળ, ઘુમરાવા બહુ ચડી
બન્યું આખું ચિત્ત ક્ષુભિત, મનમાં કૈંક વરવા
અને ઢીલાપોચા બુદબુદ સમા તર્ક પ્રગટી
મચાવી દીધો કો' અવનવલ સંગ્રામ તુમુલ.

'વળી જા તું પાછો, હજુ બગડ્યું કાંઈ પણ નથી'
કહી, મારી ચારે તરફ કરવા ભીંસ, નમણાં
ઘણા ચ્હેરા મંડ્યા, નિજ ભુજલતામાં જ જકડી
પ્રિયાએ તો છેલ્લું રુદનતણું યે શસ્ત્ર ઉગમ્યું;

પરંતુ મેં જ્યારે દઢતમ કરીને પણ જહીં
બઢાવ્યું છે આગે ડગ, જગ ભલે થાય અળગું,
હું તો મારે માર્ગે જઈશ, શક એમાં જરી હવે
ન રાખો : હા, કૈં કૈં ગડમથલ ઊઠી તે શમવી
જવાનો હું નક્કી પરમ દ્યુતિના પાવક પથે.

## ૧૦. સોલિડ મહેતા

(૧૨-૭-૧૯૫૩ - ૬-૧૦-૨૦૧૯)

### ૧. જિન્દગી

(હરિગીત)

એકાન્તના પોલાણમાં આહો ભરે છે જિન્દગી
થીજી ગયેલી વેદનામાં વિસ્તરે છે જિન્દગી

વાતાવરણ આકંઠ પીધું પીળચટ્ટું તોય પણ
ભીનાશ લીલી હરક્ષણોમાં પાથરે છે જિન્દગી

આભાસના આકાર ઉપસે નીલરંગી જલ પરે
ગેબી અદાથી અવનવા રંગો ધરે છે જિન્દગી

સંબંધના લેબાસમાં અકબંધ છે નકશા બધા
ને બંધ મુઠ્ઠીમાં સદા ઝૂર્યા કરે છે જિન્દગી

કો' લાગણીના મૃગજળો ફૂટે સમયના ઉંબરે
અસ્તિત્વના શ્વાસો પછી ઊભા ચરે છે જિન્દગી

## ૨. રહ્યા તો રહ્યા

(પૃથ્વી)

વરાળમળ વાસના નગરમાં રહ્યા તો રહ્યા
અને અજબ કોઈ રેતઘરમાં રહ્યા તો રહ્યા

કરી મમત વૃક્ષને અસલ મૂળથી જે કરી
સ્વભાવગત ક્ષુબ્ધ પાનખરમાં રહ્યા તો રહ્યા

ભલે સકળ દૃશ્યની નિકટ ના ગયા ના ગયા
છતાં ગગન-સૂર્યની નજરમાં રહ્યા તો રહ્યા

અફાટ મનને મળી કુસુમ કલ્પના જે મળી
પછી સહજ શબ્દની ખબરમાં રહ્યા તો રહ્યા

પ્રસંગવશ આંખમાં ભરમ સાચવી સાચવી
કદી તનિક સ્વપ્નની અસરમાં રહ્યા તો રહ્યા

અહીં રજકણે ભળી ક્ષણે ક્ષણે ઢળી તે ઢળી
અમે સતત શ્વાસની સફરમાં રહ્યા તો રહ્યા

## ૩. આપણે
(લઘુપૃથ્વી)

સ્વભાવગત દૃષ્ટિના ભરમ આપણે
કદીક શ્લથ શ્વાસના કરમ આપણે

રહે ફરકતી ધજા સતત ટૂંકની
બધા વચન ટેક કે ધરમ આપણે

અહીં અરવ મૌન આવરણને નડે
પછી નગદ ભાગ્યના પરમ આપણે

હમેશ નભ દૂરથી વરસતું રહે
વરાળમય ઝંખના-શરમ આપણે

બધી મમત કેદ છે તનિક સ્પર્શમાં
છતાં સકળ સ્વપ્નના મરમ આપણે

## ૪. જોઈએ
(ઝૂલણા)

ક્યાંક તો દૃષ્ટિને દાગવી જોઈએ
શક્યતા સામટી તાગવી જોઈએ

સ્વપ્નમાં આવતી ને જતી જોઈ છે
એ ગઝલ રૂબરૂ આવવી જોઈએ

આજની વાતનો એ જ છે સાર કે
જે મળી તે ક્ષણો માણવી જોઈએ

ચાલતી દોડતી કે પછી થોભતી
જિંદગી શ્વાસને ફાવવી જોઈએ

કે ફરી આથમી સૂર્ય તો ઊગશે
ધારણા એટલી રાખવી જોઈએ

## ૫. એજ તું
(ઝૂલણા)

જે મને સર્વથી સાંકળે એજ તું
દૂરથી દૂર લગ ઝળહળે એજ તું

ટાઢ ને તાપમાં જાત કે ભાતમાં
ચોદિશે મોજથી ઊછળે એજ તું

સૂર્યને આંતરી દૃશ્યમાં વિસ્તરી
વ્યોમના વાદળે ઓગળે એજ તું

હૂંફમય તત્વની તાજગી માત્રમાં
નિષ્પલક નેત્રથી નીકળે એજ તું

શબ્દના નાદને લયતણી ઝાલરે
ડૂબતા મૌનને સાંભળે એ જ તું

છિન્ન ને ક્ષીણ સૉલિડ બધું તે છતાં
શ્વાસમાં શેષ કૈં સળવળે એજ તું

## ૬. ઊભા છીએ
(પ્રલંબ વિદ્યુલ્લેખા)

નિશ્ચેતી ભીંતો કૂદીને ઊભા છીએ
પૂછો ના કોને પૂછીને ઊભા છીએ

ક્યાં છે કેડો ક્યાં છે છેડો એ જોવાને
વૃક્ષોની સાખે ઝૂકીને ઊભા છીએ

રૂંવેરૂંવામાં ફંગોળાતા એકાન્તે
ઈચ્છાઓ છુટ્ટી મૂકીને ઊભા છીએ

અંધારું ઓઢીને આવેલા સ્વપ્નમાં
ભીની આંખોને લૂછીને ઊભા છીએ

ફૂલોનાં કિસ્સા ને આલાલીલા હિસ્સા
ધીમે ધીમે કૈં ભૂલી ઊભા છીએ

ઠાલેઠાલા ચીલા-રસ્તા ભૂંસી અંતે
આ ક્યાંથી તે ક્યાં પૂગીને ઊભા છીએ

## ૭. એક ક્ષણમાં
(શિખરિણી)

અહીં એવું વાતાવરણ મળશે એક ક્ષણમાં
વહેતા શ્વાસોમાં દરદ ભળશે એક ક્ષણમાં

ભરી લે આંખોમાં સ્ખલિત ક્ષણના નીલ સ્મરણો
પ્રવેશી લોહીમાં સમય છળશે એક ક્ષણમાં

વિહંગાતા દૃશ્યે બહિર મનનો સૂર્ય ઢળતાં
બધી તૃષ્ણાઓનું ગગન ઢળશે એક ક્ષણમાં

અભાવોની વચ્ચે વિષમ ઘટશે કોઈ ઘટના
વિચારોમાં ડૂબી મન પલળશે એક ક્ષણમાં

મને તારું હોવું અલગ કરશે જાત તુજથી
વળાવી સૌ પાછા સ્વજન વળશે એક ક્ષણમાં.

## ૮. પૂર્વવત્
(ઝૂલણા)

કારણો શું હશે આંખને જાગવા
જાણતો હોય તો બોલ હે જાદવા

કલરવે ડૂબતું હોય આકાશ તો
કેમ ના થાય મન કોઈને ચાહવા

ઢાળ હો તે તરફ સૌ ઢળે છે તરત
છોડવી ક્યાં ગમે છે હજી વાહ વા

આજને કાલમાં ફર્ક છે કેટલો
રસ નથી કોઈને લેશ કૈં જાણવા

જાતને તો કદી ઓળખી ના શક્યા
અન્યના દોષને યાદ શું રાખવા

ચોતરફ શ્વાસનું વિસ્તરે એક રણ
પૂર્વવત્ ક્યાં સુધી વીરડા ગાળવા

## ૯. આદમી

(પૃથ્વી)

હજી ક્ષિતિજ પારનું તરલ તથ્ય છે આદમી,
અહીં નિકટ-દૂરનો સહજ શબ્દ છે આદમી.

અફાટ મનની નદી દિવસ રાત છો ઘૂઘવે,
સળંગ નભ-દૃશ્ય કે સઘન સૂર્ય છે આદમી.

સરોવર અભાવનું છલછલે સદા આંખમાં,
છતાં કમળ નામનો સકળ અર્થ છે આદમી.

કદી અરવ શ્વાસમાં પમરવા મથે છે કશું,
બધી મમત માત્રનો પરમ સ્પર્શ છે આદમી.

અતીત-રત પર્ણશી ફરફરે ક્ષણો સામટી,
અનાગત ઉજાસનું સુખડવૃક્ષ છે આદમી.

પ્રસંગવશ દર્પણો દિવસરાત ઝૂલ્યા કરે,
અને દરમિયાનનું સ્મરણ-સ્વપ્ન છે આદમી.

# ૧૧. ડૉ. નીતિન વોરા

(૧૩-૧૦-૧૯૫૩)

## ૧. શાહમૃગ

આંખો ખૂલે
ને ફરી એ જ  દોડતી હાંફતી ટ્રેનનો
ઘોંઘાટ,
ફરી ન્યૂઝપેપર્સની હેડલાઈન્સ;
ટી.વી. પ્રસારણ,
ઊંઘરાટેલી આંખોનું
જાગરણ,
ને ચાયના કપમાં
સીપ થતી
રોજિંદી રુગ્ણ
સવાર,
અને રઘવાયો, દોડતો, ભાગતો સૂરજ
ધક્કે ચઢાવે
હાથ, પગ અને દિમાગને.

ઈલેક્ટ્રિક ટ્રેન-બસની પાછળ ઢસડાતો
ઘસડાતો સમય...

કૅલેન્ડરેથી એક પછી એક ખરતાં
રદ્દી દિવસો—વરસો
ને રોજે રોજ સરકતું સમયનું સાપોલિયું.

એ જ ભૂખ, એ જ તરસ...
એ જ અવિરત દોડ— ભાગ...ભાગ...દોડ...
કોની હોડમાં છે સમય ?
શો અર્થ છે આ વ્યર્થ દોડભાગનો ?

ઉફ ! ચોપાસથી ભીંસતો, ઉઝરડતો
આ કોલાહલ, આ ભાર-બોજ-થાક-ભૂખ-તરસ...

ઘોંઘાટથી નમી પડેલી-ફિક્કી-ઉદાસ સાંજ,
અંધારાના ગમગીન ઓળા ઘેરે છે,
અંધારાનાં સાપોલિયાં કે અજગર ?

ભીંસ-ચીસ-ભીંસ
રાત પડે, પડખાં ઘસું,
ઊઠે રણમાં તોફાની ડમરીઓ
ને હું, શાહમૃગ,
દઉં છૂપાવી રેતીમાં મ્હોં
૬’x૬’ના
પલંગ તણા રણમહીં
આવતીકાલના
દવાની પીળચટ્ટી
ટીકડી જેવા સૂરજની
પ્રતીક્ષામાં !

## ૨. સૂર્યાયન

બે વાદળો વચાળેથી
પ્રગટતું
સૂર્યનું અસ્તિત્વ
તડકો બનીને
કોમળ કિરણોથી
ગલુડિયાંની આંખો સાથે
ગેલ કર્યા કરે છે
ને
વૃક્ષના છાંયડે ઊભું છે
સૂર્યના સામ્રાજ્યથી અજ્ઞાત
ગધેડું !
બેફિકરાઈથી ઊંચે આકાશમાં ઊડી રહી છે
સમડીઓ,
સૂર્ય પ્રવેશનો નિષેધ કરી રહી છે
ખસની ટટ્ટીઓ, ને
તેના સામર્થ્યને ભુલાવવા મથે છે
એરકન્ડિશનર.
સુસ્ત-અલસ બપોરની વેળાએ
સ્ત્રીઓ માથામાંથી શોધી રહી છે
જૂ-લીખોને !!
દુકાનદાર ઝોકે ચડ્યો છે
મ્હોં પર રૂમાલ ઢાંકીને...
ને એક દિવસે
સૂરજની શાખે દરિયો
વાદળ બનીને ઊતરી આવશે
લીલાંછમ ખેતરોને ચૂમવા..!

## ૩. એક કાવ્ય

મને
કેમ રોજ પડતી સવાર એની એ જ લાગે છે ?
ને
પૂરી તાકાતથી ત્રાટકતી તડકિલી બપોરે
કેમ અકળ બેચેની જણાય છે ?
આ તે કેવું !?
આ વાતો બધી પહેલાં સાંભળી હોય તેમ લાગે છે !
ને આ ઘટતી ઘટનાઓ ય
પૂર્વે ઘટી ગઈ હોય તેમ લાગે છે !
ક્યાંય કોઈ નાવીન્ય કેમ વર્તાતું નથી ?
ક્યાં ક્યારે
તૂટી ગયો, ખોવાઈ ગયો
પેલો પરિચય–તંતુ !?
ને નંદવાઈ ગયું કેમ
પેલું સાતત્યનું પાત્ર ?
આ સ્થળ-કાળના સંદર્ભમાં
ક્યાં સુધી ભટક્યા કરીશ
અજનબી બનીને ?

# ૪. વિશ્રંભકથા

મારાં સ્વપ્નાંઓનું
વન
કદીક લીલું લીલુંછમ્મ્
કદીક
આંખો મારી
કોરું ધાકોર
રણ !
વિષાદીવાદળો ઘેરાયા કરે,
શ્વાસો સખળડખળ ચાલ્યા કરે
ને
વરસ્યા કરે
આંખોથી ઝીણી ઝીણી
ઝરમર !
સૂરજ તો રોજ ઊગે છે,
આથમે છે– ખુલ્લીફગ આંખોમાં !
હજુય મને
જીવી રહ્યો છું એનો અહેસાસ કરાવે છે
એકાદ ચટકો
કીડીનો !
લ્યો, જુઓ, ઘડિયાળ !
એનો કાંટોય ચાલી રહ્યો છે !
સમય હજુ થંભ્યો નથી ?
હું મજામાં છું કે નહીં તેની મને ખબર નથી,
તું ?
તું તો સુખી છે ને
તારા સ્વપ્નનગરમાં ?!

## ૫. વસંતાગમન અને...

પુષ્પધન્વાની પધરામણી સાથે જ થયું છે
વસંતનું
રુઆબી-છટાદાર
આગમન.
એને સત્કારવા તૈયાર થઈને બેઠી છે
આંબાડાળે ઝૂલતી કોયલ
ને
વિશ્વામિત્રનેય ડોલાવતી
પુષ્પાચ્છાદિત
મધુમાલતીની વેલ !
પ્રગટી રહે તાજગી બોઝિલ વાતાવરણ મહીં.
સુક્કી ડાળીઓ જેવી સ્ત્રીઓમાંય
થઈ રહે પ્રદીપ્ત નવલી ચેતના...
ઠારેલા કોલસાનો અગ્નિ
વાસંતી પવનની ફૂંકથી
પુનઃ પુનઃ પ્રજ્વલિત થઈ ઊઠે છે
એકદમ ફૂંફાડા મારતો.
ને નવોઢા પ્રકૃતિ !
કેવી જાણે નીકળી પડી છે
અભિસારે !

ને
વસંત તો પ્રાણપ્રિય સ્વજન જેવી-
આ આવી ! આવી ! ને
આ ગઈ !...
વસંતો આવશે,
ફરી ફરી આવશે,
ને
ફરી વાસંતી વાયરાઓ મહેકશે,
ફરી કળીઓ પુષ્પ બનીને પાંગરશે
ને અદૃશ્ય રંગે રંગાયેલું યૌવન
ઝૂમી ઊઠશે,
નજર સામે ફરી ફરીને ઝૂમી ઊઠશે
કામણગારો
કેસૂડો.
પણ,
‘વન’માં પ્રવેશેલાં
પેલાં
પ્રૌઢોનું શું ?

■

## ૬. અસ્તિત્વ અને...

આ મારગ રૂંધતી
સ્નેહની કેડીઓ
ને
સતત ભીંસતી
સંબંધોની કડીઓ.
નસોમાં સતત વહેતા રહેતા
રુધિરની ગતિ સાથે
વહેતા
પ્રેમે જ્યારે આંકી સીમાઓ,
લાગણીઓએ ત્યારે
ઊભી કરી દીવાલો.
શ્વાસનળીની આજુબાજુ જામી ગયાં
જાળાં
કોઈક નાજુક ક્ષણે.
એ જાળાં સંકોચાવાની પ્રક્રિયા શરૂ થાય છે
ને હું ગૂંગળાઉં છું.
છટપટવા માંડે છે
મારી ચેતનાનું મત્સ્ય
અને એનું પ્રશ્નાર્થના અંકોડે ભરાયેલું
જલસ્થલ વચ્ચે વહેંચાયેલું
અસ્તિત્વ !

## ૭. મૃગજળ

દરિયા
સમજીને
જેન પૂંઠે દોડતાં રહ્યાં
જીવનભર
તે તો બધાં ઝાંઝવાનાં જળ નીકળ્યાં,
સાચુકલાં
સમજીને
જેને સૂંઘવાના ઓરતા કરતાં રહ્યાં
જીવનભર
તે તો બધાં કાગળનાં ફૂલ નીકળ્યાં !

## ૮. હે મા !..

હે મા,
હું તો છું માત્ર
તારું નવું અસ્તિત્વ.
તારી આરાધના થકી
આવી ચઢેલ
સાધ્ય.
જગત નિયામકનાં સપનાંને પૂર્ણ કરવાનું
નિમિત્ત પણ હું !
ને
અપૂર્ણતાને સભર કરતું
એક અસ્તિત્વ પણ હું.
હું એટલે –
'એકોહમ્ બહુસ્યામ્,થી પ્રેરાઈને
વિવિધ રસ માણવા
ક્ષણભંગુર જગતમાં ચેતનનું
સાતત્ય જાળવવા કાજેની
બે આત્માઓના પૂર્ણમિલનની
ફલશ્રુતિ !

નવા પ્રવાહો આવે, મળે ને વહ્યા કરે
જીવન-સરિતા !
પછી નવી જિંદગી, નવી-ગતિ પ્રગતિ
ને અંતે જાય વિલાઈ
જીવન-સત્ત્વ અને સકળ ચેતન.
સરી સરી જાય
અસ્તિત્વ.
સૂર્યમાંથી અવનિ,
અવનિમાંથી ચંદ્ર,
ને ચંદ્રમાંથી ?
જ્યોતથી જ્યોતનું જલવું,
વિભાજનથી પૂર્ણતા પ્રતિ જવું
સૃષ્ટિનો આ ક્રમ.
અસ્તિત્વમાંથી અસ્તિત્વ પ્રગટાવવું તે જ છે
દેહધારીનો માત્ર ધર્મ ?
હે મા, રહસ્યો જીવનનાં સર્વે જાણ્યા પછી
કૃતજ્ઞી છું હું.
તારો ઋણસ્વીકાર એ જ 'ધર્મ' મારો !

■

## ૯. સિવિલ હૉસ્પિટલની વસંતપંચમી

આજે વસંતપંચમી છે.
સિવિલ હૉસ્પિટલના
દરેક વૉર્ડની
દીવાલો ઉપર,
દરેક પલંગ ઉપર
આજે
વસંત
ઊતરી આવી છે.
વરસોથી
મૃત્યુના ઓછાયાઓ વચ્ચે
હરતા ફરતા,
ક્ષણે ક્ષણે મરતા,
દર્દીઓની આંખોમાં
આજ
અંજાઈ છે વસંત.
એમની પથારી ઉપર પાથરેલી
સફેદ ચાદરો
થઈ ગઈ છે આજ
પીળી-ગુલાબી-વસંતરંગી !
વૉર્ડની બારીમાંથી
મૃત્યુએ માર્યો છે ભૂસકો,
આજે વસંતપંચમી છે !

■

## ૧૦. અમે

અમે
ભલે રહ્યાં
ફ્લાવરવાઝમાં ગોઠવાયેલાં
કાગળનાં
ફૂલો.
અમને પણ
ઈન્તજાર છે
વાસંતી
વાયરાના
સ્પર્શ તણા
રોમાંચનો !

## ૧૨. ડૉ. મયંક પટેલ

(૮-૬-૧૯૫૪)

### ૧. કોણ ?

પૂનમની રાતમાં,
કોણ આ વિહરતું ખેતરમાં ?
કરી કંઠમાં
માળા કેસૂડાંની કેસરી
ને
લટકાવી કર્ણમાં
લોળિયાં કરેણ કુસુમનાં ગુલાબી,
કોણ વિચરતું ?
કોણ કરઅંગુલિમાં
મુદ્રિકા રાયણની પીળી
ધારતું ?
કોણ ચૂંટી
પીલુડીએથી પીલું રાતું,
નથ નાસિકામાં કરતું ?
સજી કટિમાં
મેખલા ચણોઠીઓ કેરી લાલચટ્ટાક
ને
બાંધી પાયમાં
પાયલ પુષ્પોનાં ચંપક તણાં શ્વેત,
કોણ ટહેલતું ?
બેસી શેઢે રૂપેરી,
શશીને નભમાં
કોણ પછી મુખ ધરતું ?

■

## ૨. બેસણાંમાં

ઘણુંય લોક આવ્યું
બાના બેસણાંમાં
ટેબલ ઉપર ગોઠવેલા એમના ફોટાને
પ્રણામ કરતું ગયું.
ઢગલો ગુલાબની પાંદડીઓનો,
થતો ગયો મોટો,
સ્વરો ભજનોની કેસેટના,
પ્રસરતા રહ્યા બપોર લગી વાતાવરણમાં
સમય બેસણાનો પછી પૂરો થયો
ને ઊભાં થયાં
સ્વજનો અમે બધાં
સરસામાન સમેટતાં સમેટતાં
કોઈ બોલ્યું :
'હાશ ! ચાલો, સરસ રીતે પત્યું બધું.'
હુંય
ટેબલ ઉપરથી બાના ફોટાને
ઉપાડવા કરતો હતો
ત્યાં
મારા કાનમાં ધીમેથી જાણે બાએ કહ્યું :
"બેટા,
ઓટલે કૂંડામાં તુલસીને પાણી જરા પાજેને
બે દિવસથી સૂકાય છે."

## ૩. જયેષ્ઠે

ખેતરે,
જયેષ્ઠની બળબળતી બપોરે,
શેઢો સૂકો ખર ખર ખરતો.

ઊની હવાને
ખૂણે ઊભેલો બળદ રેઢો
ઢીંક ઘડી ઘડી મારતો.

કોયલકંઠેથી છૂટેલો ટહુકો
તમ્મર ખાઈને
નભેથી પળમાં હેઠે પડતો.

કોરાધાકોર ધોરિયે
કાળઝાળ આ બપોરે
રેલો રેતીનો વહેતો.

પૂગવા ઢેલ કને એણી પેર
ઢેફાં ઉપર
દોડતો મોર અધવચ્ચે પછી ફસડાતો.

સ્થિર થઈને થોરે
કાચિંડો પીળો
બપોર આખી અધખૂલી આંખે ગાળતો.

વખડા હેઠ
બેઠો બેઠો ક્યારનો
ક્ષિતિજે વાદળ શ્યામ હું શોધતો.

## ૪. ભરબપોરે

ભરબપોરે નેળિયે,
ઝબકીને જાગ્યો
પડખે થયેલો પવન...
ઝૂકીને ટહુક્યો
લટકતી ડાળે કોકિલ...
સળવળ્યા વેલા;
વેરાણી સાગમટે લાલચટ્ટાક ચણોઠીઓ...
વાડના થોરે થોરે તો
ટપક્યાં દૂધ !
કોણ નીસર્યું અહીંથી હમણાં ?
આ મોર બધા
ગરી ગરી અંદર આવ્યા...

## ૫. સવારે

ડાળેથી ઊડીને જતાં જતાં
ખેરવતો ગયો મોર
પિચ્છ એક.
શેઢે બેસી
ચલમ ફૂંકતો હું થાઉં ઊભો.
ઉઠાવી પિચ્છ,
ખોસૂં ચાસમાં
ને
વળું ઘર ભણી.
આવી સવારે
જોઉં તો,
લ્હેરાતું ખેતર આખ્ખું ય
પિચ્છ અસંખ્યથી...

## ૬. અસમંજસ

નદી કાંઠે
જોતરાઈને પડી છે
કૈં કેટલીય
રંગબેરંગી હોડીઓ.
છું અસમંજસમાં
કઈ હોડીમાં બેસું.
લઈ જાય મને સામે પાર જે
કઈ હોડી હશે ?
બધી યે ?
કે
એકેય નહીં એમાંથી.
થાય છે,
તરીને જાતે જ
પહોંચી જાઉં -
પેલે પાર.

## ૭. એના ગયા પછી...

એના ગયા પછી
ખરી ગયા
ડૂંડે ડૂંડેથી દાણા.
ઝડી ગયું,
શેઢે ઊભેલું શમીનું વૃક્ષ
ગયું ઊડી જળ કૂવેથી
ને પંખી નીડેથી.
ખાટલીમાં પડ્યો પડ્યો
રોજ હવે,
તાક્યા કરું છું
આકાશમાં પાંખો પ્રસારી
ચકરાવા લેતી
એક સમડીને.

# ત્રણ ગઝલ

૧.

દર્દ પણ કેવું મને દારૂણ મળ્યું,
આ ઉદાસીનું સતત વળગણ મળ્યું.
ક્યાં નિવારણ પ્રશ્નનું કો દી થયું,
વાતનું કાયમ બધે પીંજણ મળ્યું.
યાચવાથી એમ ધાર્યું ક્યાં મળે,
મેં ઝરણ માગ્યું તો ધખતું રણ મળ્યું.
કો પગેરું ભીંત લગ જાતું હતું,
વાત ફેલાવાનું ત્યાં કારણ મળ્યું.
ઝંઝા રાખે ત્યાં રહે, હોતું નથી
ઘર તણખલાને સ્વનું-તારણ મળ્યું.

૨.

શોકનું બસ રાખે છે એ આવરણ,
કાળજાને તો એ રાખે છે કઠણ.
આ તરંગો તો વહે સીધું સરળ,
રાખે છે વમળો અલગ શાથી વલણ.
આવકારે ઊભાં થઈ એને બધાં,
ઝંખના પણ રાખે છે કેવી મરણ.
સાવ અળગું એ રહેવા માગતું,
પદ્મ એથી રાખે છે ફરતે કળણ.
પથને તો કહેવું ઘણું છે, ક્યાં તમા
એને સાંભળવાની રાખે છે ચરણ.

૩.

કો મ્લાન સાંજે એને સ્મરણમાં તમારા જોતર્યો,
ને પત્થરે એણે પછી ચ્હેરો તમારો કોતર્યો.

કહો, કોઈ તો કારણ હશે એને તમે મળતાં નથી,
એ રોજ પૂછે છે મને કાં એણે ચીલો ચાતર્યો.

એ રિક્ત સરવર અશ્રુઓથી એનાં છલકાઈ ગયું,
એ તટ ઉપર કરતો વિલાપ રાત આખી સંચર્યો.

એ છે હજી પણ ભ્રમમાં, થાશે સાંજ ને મળશો તમે,
હું સ્તબ્ધ છું એને તમે કેવો પ્રણયમાં મંતર્યો.

ત્યાં ટૂકે એના નામનો ટહુકો કરી ચાલ્યાં તમે,
જઈ રોજ ત્યાં એ હાથમાં પડઘો લઈને ઊતર્યો.

## ૧૩. રામુ ડરણકર
(૧-૮-૧૯૫૪)

### ૧. નગરજનો

(છંદ : શિખરિણી)

અરે ! દોડે છે આ નગર સઘળું પૂર ઝડપે
નથી કો'ની પાસે સમય જ જરી વાત કરવા,
મળે, પૈસો-સત્તા અરસપરસ હોડ ઉપડી
અને એ સ્પર્ધામાં દિવસ વહતા સૌ જન તણા.

મળી ગાડી-વાડી ધન પણ અને રાજ સઘળાં
કમાયા સૌ કીર્તિ જીવતર તણાં ધોરણ મળ્યાં,
છતાં સંતોષે ક્યાં ? મન હૃદયમાં કોઈ જનના
હજી દોડે દોડે ધરવ જ નથી સ્હેજ ઉરમા.

કદી ઊભા ઊભા નજર કરવા ક્યાં સમય છે ?
જરી છે પાસે આ નદ, ઝરણ ને ડુંગર-વનો,
સવારે ગાયે છે બુલબુલ કશું સાંભળ જરા
વર્ષાની ધારો આ સકળ ઉરમાં ઝીલ મનવા.

અરે, આ તે કેવી ગતિ પણ માંહી પ્રગતિ નહીં,
પહોંચી ના શક્યો મનુજ મનુજોના ઉર થકી.

## ૨. દલડાંની વાત

સખી, દલડાંની વાત ક્યાં માંડું ?
મારગમાં ઊભેલા કાળમીંઢ પથ્થરને એકલ હાથે કેમ રે ખાંડું ?

નજરુંમાં ઊભરાતા રાતા ગુલમ્હોર
નથી માતા હૈયા કેરી હાટમાં
આંખ્યુંમાં ખોદાયા ભમ્મરિયા કૂવા
ને પંડ્ય મારું ખોવાયું વાટમાં

કંગન તો ઠીક હવે સાજનને મળવા આતુર થઈ રણકે છે કાંડું
મારગમાં ઊભેલા કાળમીંઢ પથ્થરને એકલ હાથે રે કેમ ખાંડું ?

ઝંખના ઊભી છે મારી એકલી અટૂલી
ને તોરણિયાં સૂકાયાં પીડમાં
એકલતા ઓરડે છે ડાળીએ ને પાંદડે
ભણકારા ભાંભરે છે નીડમાં

ઉપરથી વરસે છે વેરી વરસાદ લઈ અણીદાર ફોરાંનું ધાડું
મારગમાં ઊભેલા કાળમીંઢ પથ્થરને એકલ હાથે રે કેમ ખાંડું ?
સખી, દલડાંની વાત ક્યાં માંડું ?

## ૩. કેમ કરી દરિયા ઉલેચવા ?

ખાડા ખાબોચિયાં તો ઉલેચી નાખીએ, કેમ કરી દરિયા ઉલેચવા ?
એક બે રાતો મારી ચપટીમાં જાય પણ જન્મારા કેમ કરી ખેંચવા ?

ધીખતા ઉનાળાના તડકામાં નાહ્યાં
ને છાંયડીના દીધા સોગંદ;
હોલવાતા દીવાના કંઠે ઊગ્યા છે
આજ ખોબો ભરીને ઉમંગ.

હવાની લ્હેરખીએ ફેલાવી પાંખ પછી મનના તે મોર કરે નાચવા,
ખાડા ખાબોચિયાં તો ઉલેચી નાખીએ, કેમ કરી દરિયા ઉલેચવા ?

ઊડ્યાં પતંગિયાં આંખેથી એવાં
કે આખું ઉપવન આવ્યું સરકી;
અંતરમાં ફૂલો તો મઘમઘ્યાં એવાં
કે સીમનું વેરાન રહ્યું મલકી.

કોરો લીધો એક કાગળ ને પછી આખ્ખું આકાશ માંડ્યું રચવા,
ખાડા ખાબોચિયાં તો ઉલેચી નાખીએ, કેમ કરી દરિયા ઉલેચવા ?

## ૪. ફરી મળીએ

ભેદભાવ સૌ ભૂલી જઈને ચાલ ફરીથી મળીયે,
કિનારાની છોડ મમત તું ચાલ મળીએ તળિયે.

આ નગર નગર બહુ ફર્યા ને ફર્યા દેશ-પરદેશ,
મળ્યું કશે ના કાંઈપણ ચાલ શોધીએ ફળિયે.

જડતાના પથ્થરો આગળ પર્વત પાણી ભરતા,
ફેલાવું જો હોય બધે તો ચાલ ફરી ઓગળીયે.

રસ્તા છે બહુ અટપટા ને ભોમિયા છે ફરેબ,
માણસના આ જંગલ વચ્ચે એકમેકને જડીયે.

આ ઝળઝળિયાં ને ઉઝરડાના સરવાળા ના કર,
એને વાવી દે એ જ ફળશે અક્ષર બની કાગળિયે.

## ૫. તમે

અમે અમાસનું અંધારું ને તમે પૂનમનો ચાંદ !
જીવતર સુક્કી ડાળી જેવું તમે લીલેરું પાંદ !

અમે ભયાનક જંગલ જેવા તમે પરિચિત રસ્તો,
પગરવ સુણી તારો કંટક બની જતા ગુલદસ્તો.

અમે ઊગેલું અમથું ઘાસ તમે મ્હેકતી ફૂલવારી,
મહેકી જાશું તારી સંગે બનીને કેસર ક્યારી.

સાગર તટનાં અમે છીપલાં તમે અષાઢી મેઘ,
સાચાં મોતી નીપજે તુજ ઝરમર વરસે મેહ.

અમે રઝળતો કોરો કાગળ તમે મોંઘેરા અક્ષર,
કાગળના આંગણિયે આવ્યા અજવાળાના અવસર.

## ૬. હોંકારા

ખખડાવ્યાં દ્વાર અને ખૂલી દીવાલ સૈયર, એવા સંબંધો હવે પાંગર્યા,
હરખની હેલી તો એવી ચઢી કે પંડ્યના પાથરણાં પાથર્યાં.

ઉંબર ઓળંગી હું તો આંગણામાં જાઉં
ત્યાં આસોપાલવ પાન ખેરવે,
સુક્કાં આ પાંદડામાં હળવે રહીને કો'ક
લીલીછમ્મ પીંછીઓ ફેરવે.

ડૂબેલાં એક દિન સાતે વહાણ આજ અણધાર્યા આવીને નાંગર્યાં,
ખખડાવ્યાં દ્વાર આજે ખૂલી દીવાલ સૈયર, એવા સંબંધો હવે પાંગર્યાં.

કોઈના અણસારા ઘેરેલાં વાદળ થઈ
સુખ જેમ મારામાં ફૂટશે,
સપનામાં આવેલાં આષાઢી મેઘધનુ
મેંદીના રંગ મારા લૂંટશે.

ગુમસૂમ બનીને આજ ઊભેલા ગઢમાં હોંકારા દઉં બની કાંગરા,
ખખડાવ્યાં દ્વાર અને ખૂલી દીવાલ સૈયર, એવા સંબંધો હવે પાંગર્યાં.

## ૭. અંદર ઊતર

બહુ ધૂપ છે, લૂ લાગશે, અંદર ઊતર !
કિનારા તને ડૂબાડશે, અંદર ઊતર !

ખંખેરીને ડર તું જરા, ટટ્ટાર થા,
મગર હશે તો ભાગશે, અંદર ઊતર !

સપાટી ફંફોસવી તું હવે રહેવા દે,
મોતી હશે તો લાધશે, અંદર ઊતર !

જિંદગીના કૂપમાં છૂપો ખજાનો છે ભર્યો,
તનેય તે હાથ લાગશે, અંદર ઊતર !

તું ખલાસી છે ને આ નૌકાય તારી છે,
ક્યાં લગી તું ભાગશે ? અંદર ઊતર !

સૂર્યકિરણની જેમ તું બધે ફેલાઈ જા,
સૂતું હશે તે જાગશે, અંદર ઊતર !

દરવાજા અકબંધ છે ને કાંગરા પણ ચૂપ,
કોઈ હશે તો બોલશે, અંદર ઊતર !

## ૮. વ્હાલા, તું વરસી જા !

વ્હાલા, તું વરસી જા ! એવો કે તારામાં હું તો તરબોળ થઈ જાઉં !
વરસાદી મોસમમાં સૂરના રેલાઓમાં ગીત કોઈ પ્રીતનું ગાઉં !

ચારેકોર હવે દેખાયે ક્યાંય ના
વૈશાખી તાપના બફારા,
ગોફણથી દૂર દૂર ફેંક્યા છે આજ
જીવતરના દિવસો નઠારા.

રોમ રોમ મારામાં છલકે છે મોસમ ને એક એક ફોરે હું ભીંજાઉં
વ્હાલા, તું વરસી જા ! એવો કે તારામાં હું તો તરબોળ થઈ જાઉં !

આષાઢી આભ હવે પોતાનું લાગે ને,
લાગે નહીં હોવાનો ભાર,
મારા હોવાનું હું તો ભૂલી છું ભાન,
મને છાંટો વાગ્યો છે લગાર

અંતરનાં અરમાનો ફૂલો થઈ જાય હવે એનાથી જાતને સજાઉં
વરસાદી મોસમમાં સૂરના રેલાઓમાં ગીત કોઈ પ્રીતનું ગાઉં !

## ૧૪. ડૉ. અશોક નાયક

(૧૫-૧૧-૬૫)

### સાથી

"થયું છે કોણ જગતમાં કોઈનું, કહેવા દે,
દિલાસો આપવાની વાત, યાર ! રહેવા દે.

તમામ ઉંમર અહીં કોણ સાથ આપે છે ?
આ મારા એકલાની વેદના છે, સહેવા દે

રુદન સમાન નથી સાન્તવન કોઈ બીજું
સરી જશે આ વ્યથા, અશ્રુમહીં વહેવા દે.

બધે રઝળતો રહ્યો છું, હું શોધવા મુજને
હવે તો તારી ગલીનો જ પંથ લેવા દે.

હતો જો હોશમાં, તો એકલોય ચાલ્યો છું.
છે બેખુદી જો હવે, તારો હાથ ગ્રહેવા દે.

મળ્યું છે 'દિલ' ને એથી શું જગમાં,
ગઝલમાં પ્રેમની એકાદ વાત કહેવા દે."

## ૧૫. પારુલ નાયક

(૧૯-૮-૧૯૬૬)

### ૧. જીવની જરઠ જંજાળો

તારીખિયાં પર રજા હોય ને હરખી ઊઠે માળો,
જાણે પાનખર વીંધી ખીલતા ગુલમ્હોર ગરમાળો.

ભોળી આંખોમાંથી ફૂટે કિરણ આશના તેજ,
જાણે આભ તડકો લાવે ને ભાંગે ઘાસનાં ભેજ,
ઘરનો ખૂણેખૂણો થાશે અનાયાસ હૂંફાળો !

ચશ્મા લૂછે ભીની આંખ કે કેમ છૂટ્યો સથવારો ?
પણ ગાડું બે પૈડાંથી ચાલે એમ ખૂટ્યો જન્મારો !
સુખ પામીને ગુમાવ્યું પણ સુખ કોણ કરે સરવાળો !?

પિંજરના પંખીના જેવી મૂકી
જાતને ગિરવે,
સ્હેજ ખૂલ્યું જ્યાં દ્વાર મજાનું તરત
પાંખને વિઝવે,
આતમજી તો ઊડે તોડતાં જીવની જરઠ જંજાળો !

## છ ગઝલ

૧.

હું ચમકતી ફ્રેમમાં તો ફીટ ક્યાંથી થઈ શકું ?
ને કદમબોશી કરીને હીટ ક્યાંથી થઈ શકું ?

છે મધુરતા શ્વાસમાં ઉચ્છવાસમાં તો શું થયું ?
ડંખ મારું એટલી તો ધીટ ક્યાંથી થઈ શકું ?

કે તમે ધારો, વિચારો ને તમે ચાહો સદા,
એમ તો ને એ જ રીતે ટ્રીટ ક્યાંથી થઈ શકું ?

ટોચ પર તો જે ધજાઓ ગાડશે એ ગાડશે,
મેં ચઢાણો આદર્યા છે, ક્વિટ ક્યાંથી થઈ શકું ?

આ અમસ્તી હોય છે કંઈ ચૉક=ડસ્ટરની કથા !?
દૂરથી તો રોજ ગુગલ મીટ ક્યાંથી થઈ શકું ?

૨.

આ રફતારો એક જ ધારી,
એ જ કતારો એક જ ધારી,

પતઝડને સરનામે આવે,
રોજ બહારો એક જ ધારી !

થાકી નારી બનતાં બનતાં,
તુલસીક્યારો એક જ ધારી !

તોળાતી માથે કાગળની,
આ તલવારો એક જ ધારી !

દરપણને ચકરાવો દેતી,
સાંજ સવારો એક જ ધારી !

ભરચક ભરચક માણસ માણસ,
હાટ બજારો એક જ ધારી !

કોરોનાથી ડરતી=મરતી,
રુગ્ણ દીવાલો એક જ ધારી !

૩.

વાળમાં આવી સફેદી લો હવે ઘરડાં થયાં,
ને લગાવી છે મહેંદી લો હવે ઘરડાં થયાં !

લાકડી બનવું હતું ને લાડકી બનવું હતું,
હાથમાં ગાડી ગરેડી લો હવે ઘરડાં થયાં !

ના કદી પાછું વળીને જોયું છે ઓ જિંદગી,
પણ કરી પારોઠ પાની લો હવે ઘરડાં થયાં !

એમ ધારેલું હતું કે ખાઈશું નિવૃત્તિમાં
દાંતમાં દાઢો જ ન રહી લો હવે ઘરડાં થયાં !

કાલ તો જાણે જુવાનીની જુબાની બોલતાં,
મૌનમાં ગરકાવ વાણી લો હવે ઘરડાં થયાં !

૪.

ફૂલીને ફાળકડો થાતો આછકલા ગણવેશમાં,
ફુગ્ગા જેવો માણસ ફરતો ટાંકણીઓના દેશમાં !

માટીની તો જાત ઉપરથી માટીના ઘરબાર પણ,
વરસાદી મોસમ વચ્ચે બસ ટકવાનું રવેશમાં !

ખૂણેખૂણો આ ઘરનો જે ખૂંદી વળ્યા છે ખંતથી
એક જ ખૂણે હોય પરાધીન પથારીના પ્રદેશમાં !

એક મુખવટો ઉતરે પાછો બીજો ચઢતો,
માણસ આપણને મળવાનો જાણે કેવા વેશમાં !

માનો કે ના માનો વાતો કડવી છે પણ સત્ય છે,
ઘરડાં લોકો એકલપંડે દીકરાઓ પરદેશમાં !

૫.

અમે લાગણીથી જ આળા સદાનાં,
રખે માનતા ઓશિયાળા સદાનાં !

હજારો કિરણ સૂર્યનાં આંખમાં છે,
હૃદય સાવે છે ઉનાળા સદાનાં,

ભલે ગામ હો કે ગમે તે શહર હો,
બધે કાગડાં હોય કાળા સદાનાં,

ગમે છે વળાંકો ને અઘરા પડાવો,
ન ફાવ્યાં નગર એ સુંવાળા સદાનાં,

ઘણું પાથર્યું ને વિખેર્યું ઘણું છે,
કદી તો ભરીશું ઉચાળા સદાનાં,

સમય તો બદલતો રહે રંગરૂપો,
રહે આઈના ક્યાં રુપાળા સદાનાં,

થયું છે પુરાણું ગવન વ્હાલનું તો,
પટારે મૂકી માર તાળાં સદાનાં,

તમે શોધ ખોટી કરો બંધ 'પારુલ'
નથી એ રહ્યા ઘર હૂંફાળા સદાનાં !

૬.

જ્યાં સંબંધો ખીલતાં એ ઘર કદી મારું હતું,
સૌ ઉતારો પામતાં એ ઘર કદી મારું હતું !

ઉંબરેથી ઓટલા ને આંગણેથી રોટલા,
કોઈ અતિથિનાં હતાં એ ઘર કદી મારું હતું !

રાત ફળિયે જાંબુડી ને લીમડો લૂમે ઝૂમે,
ઢોલિયા ઢળતાં હતાં એ ઘર કદી મારું હતું !

કેટલાં જણ એકસાથે એક નાનાં ખોરડે,
પ્રેમથી વસતાં હતાં એ ઘર કદી મારું હતું !

ના હતો વૈભવ કશો ફાનસ હતાં બસ ઝૂલતાં,
તેજ સહિયારા હતાં એ ઘર કદી મારું હતું !

વાર્તાનાં ઘેનમાં ડૂબેલ સપનાંનાં મહલ,
મોભ બા-દાદા હતાં એ ઘર કદી મારું હતું !

## ૧૬. ડૉ. મહાકાન્ત જે. જોષી
(૨૫-૫-૧૯૬૯)

### ૧. 'અભિશાપ' !

સવારની ઊંઘ તો ભાઈ, બહુ મજાની હોય છે !
વહેલા ઊઠનારાને એક અભિશાપ હોય છે !!

કૂતરાં-બલાડાં ને સૌ, કેમ વે'લાં જાગી જાય છે ?
માત્ર મોડા ઊઠનારા, ખરા ભાગ્યશાળી હોય છે !!

કરમ ફૂટેલા, સૂરજનેય કયાં ઊગવા દે છે ?!
ને ભાયગવાળા તો બપોરે'ય ઊંઘતા હોય છે...

વહેલા ઊઠનારાને કોઈક 'બીજું' જગાડે છે.
મોડા ઊઠનારની (તો) સૂરજ રાહ જોતો હોય છે...

વહેલા ઊઠનારાઓ ! બોલો, તમે શું ઉકાળ્યું છે ?
ઊંઘમાં તો ઊંઘમાં, અમેય 'સ્વપ્નસુખ' માણ્યું છે !

### ૨. જાગરણ

સારું થયું, કો'ક તો હજી જાગે છે !
છો બધા સૂતેલા, કો'ક તો જાગે છે !

ઊંઘનાર જાગરણ-વિરોધી (હોય) છે,
ક્યા કારણે, ને કેમ. કોઈ જાગે છે ?

જાગનાર તો ચિંતાતુર હોય છે,
હજી પણ કેમ બધાંય ઊંઘે છે ?

જગાડો, સતત મથવું પડશે,
એમને તો ઊંઘ, કોઠે પડી ગૈ છે...

ગળથૂથીમાં ઊંઘ લૈ આવનારા,
શું ક્યારેય કદી પણ નહીં જાગે ?!!

## ૧૬. બાબુલાલ ચાવડા

(૧-૩-૧૯૭૪)

### સાત ગઝલ

(૧)

વરસ કેવાં વીતાવ્યાં છે, અમારો જીવ જાણે છે,
જખમ ક્યાં ક્યાં છુપાવ્યા છે, અમારો જીવ જાણે છે.

મચક ના આપતા મનને પછી તો ઠાર મારીને,
અમે કોને ભુલાવ્યાં છે, અમારો જીવ જાણે છે.

કદી એકાંતમાં આવી સ્મરણના મત્ત ટોળાંએ,
ઉધામા જે મચાવ્યા છે, અમારો જીવ જાણે છે.

મહામહેનતથી પાંપણમાં ઉમટતા પૂર ખાળીને,
સતત એ ક્યાં સમાવ્યાં છે, અમારો જીવ જાણે છે.

ગઝલનું નામ આપીને તમે જે મોજથી માણ્યા,
એ શબ્દો ક્યાંથી આવ્યા છે, અમારો જીવ જાણે છે.

(૨)

કંઈ જ ના કહેવાય ક્યારે છેતરે,
શક્યતા સૌથી વધારે છેતરે.
ભાગ્યને જો નાવ સોંપી હોય તો,
છેક લાવીને કિનારે છેતરે.
આમ તો કહેવાય સગ્ગી આંખ પણ,
આંખ આ ઊભી બજારે છેતરે.
આ હૃદય પણ ક્યાં ભરોસાપાત્ર છે !
કોઈના એક જ ઈશારે છેતરે.
એક ઈચ્છા એવી પાળી છે અમે,
એને જ્યારે ફાવે ત્યારે છેતરે.
રાવ એની પણ કરો કોને તમે !
શ્વાસ જેવા શ્વાસ જ્યારે છેતરે.

(૩)

આ તું નથી તો પુષ્પો ત્યાગી રહ્યાં છે રંગો,
ત્યાગી દે જેમ કોઈ ઉરના બધા ઉમંગો.

આ તું નથી તો હોવું ભડભડ બળી રહ્યું છે,
સૌ રાખ થઈ રહ્યા છે હોવાપણાંનાં અંગો.

આ તું નથી તો અબ્ધિના ક્યાં ગયા ઉછાળા ?
તટ તોડતા હતા એ સૌ ક્યાં ગયા તરંગો ?

આ તું નથી તો નભનો અવકાશ ઓગળ્યો છે,
પાંખો વિનાના જાણે સૌ થઈ ગયા વિહંગો.

આ તું નથી તો રણઝણ તારો અભાવ ગૂંજે,
આપી રહ્યા છે સંગત સ્મરણોના પણ મૃદંગો.

આ તું નથી તો તારાં પગલાં થીજી ગયાં છે,
સૌ પાળિયા થયા છે ભૂતકાળના પ્રસંગો.

(૪)

ઉકળતું આયખું લઈ અવતરેલા જણ છીણે જાણે !
ચડાવેલું ચૂલા પર કોઈએ આંધણ છીએ જાણે !

નથી આવી શકાયું બ્હાર કોઈ શબ્દની માફક,
અમે વર્ષો જૂની છાતીની રુંધામણ છીએ જાણે !

કદી અમને પૂછીને માર્ગ જે આગળ વધેલા છે,
હવે એના જ રસ્તાની કોઈ અડચણ છીએ જાણે !

અમારી જીર્ણતા પહેલાં હતી, છે એ જ આજે પણ,
જનમથી રંકનું ફાટ્યું-તૂટ્યું પહેરણ છીએ જાણે !

કરે છે સામનો હોવું અમારું રોજ પ્રશ્નોનો,
ન હોવું જોઈએ જાણે અને તો પણ છીએ જાણે !

(૫)

અરવની તળેટીમાં ઊંડે ને ઊંડે ગહન ગહ્વરોમાં ગરક થઈ ગયો છે,
સહજ સાંપડેલો શબદ આજ સહસા પરિચય ત્યજીને પૃથક્ થઈ ગયો છે.

નથી જાણતું કોઈ કે શું થયું છે, નથી પૂછતું કોઈ ઘટના વિશે કંઈ,
છતાં સાપ સૂંઘી ગયો છે અને સ્તબ્ધ જાણે કે આખો મલક થઈ ગયો છે.

કદી વિસ્મયોનાં નગરમાં હતો હું, પછી જઈ ચડ્યો સંશયોના પ્રદેશે,
અચંબો હતો આંખમાં જે પ્રથમ એ જ ધીરે ધીરે આજ શક થઈ ગયો છે.

મને મૂંઝવી મારવાની મથામણ કરી આમ તો માહ્યલાએ ઘણી પણ,
નરી શૂન્યતાઓનાં નર્તન નિહાળી એ નિઃશબ્દ ને નિષ્પલક થઈ ગયો છે.

પરાપૂર્વથી એક ખાલીપણાને હું ચૂપચાપ કેવળ ઉલેચ્યા કરું છું,
સમય નામનો જાણભેદુ સ્વયં આ સ્થિતિ જોઈને સાવ છક થઈ ગયો છે.

(૬)

આંખ આડા કાન છે બસ, એટલે કહેવું નથી,
ક્યાંક બીજે ધ્યાન છે, બસ એટલે કહેવું નથી.

હોઠ પર હમણાં સુધી જ્યાં માત્ર ફરમાઈશ હતી,
ત્યાં હવે ફરમાન છે, બસ એટલે કહેવું નથી.

સ્હેજ મલક્યું હોત તો કહેવું હતું થોડું-ઘણું,
મુખ હજી એ મ્લાન છે, બસ એટલે કહેવું નથી.

આ પરેશાનીની બાબતમાં હું જેને કહી શકું,
એજ ખુદ હેરાન છે, બસ એટલે કહેવું નથી.

ક્યાંક તો કેવળ ને કેવળ કારમી બહેરાશ છે,
ક્યાંક ઊંડું જ્ઞાન છે, બસ એટલે કહેવું નથી.

(૭)

ખૂટી ગયો સ્વયંને ખર્ચ્યા વિનાનો માણસ.
મરવા પડ્યો છે અંતે, જન્મ્યા વિનાનો માણસ.

કંઈ કેટલાંય તરસ્યાં છોને રહ્યાં છે ટાંપી !
ગરજી રહ્યો છે કેવળ, વરસ્યા વિનાનો માણસ.

નહોતું જવાય એવું ત્યાં પણ ગમે તે રીતે,
પહોંચી ગયો ઘરેથી નીકળ્યા વિનાનો માણસ.

ઘર કેમ એનું એને સંઘરે છે રામ જાણે !
મેળામાં જઈને આવ્યો મલક્યા વિનાનો માણસ.

ઝાઝું નથી થવાનું એનાથી કંઈ જ બીજું,
ઘૂરકાટથી છે રાજી કરડ્યા વિનાનો માણસ.

એથી વિશેષ બીજી તો હોય શી કરુણતા !
સમજાવતો ફરે છે સમજ્યા વિનાનો માણસ.

સો મણ હતાં છતાં પણ ખૂટ્યાં જો લાકડાં તો,
દાટી દીધો છે સૌએ સળગ્યા વિનાનો માણસ.

# ત્રણ ગીત

૧.

છાતીના પિંજરેથી પંખીડું ઊડી એક
આંબાની ડાળખીએ બેઠું,
દખણાદા વાયરા તો એવા વીંઝાયા કે
ચોમાસું આંખોમાં પેઠું.

બાવળની સીંગમાંથી ફોલીને કાઢ્યો મેં
કાળાછમ સૂરજનો દાણો,
અંધારું રેબઝેબ આંગણામાં આવીને
બોલ્યું, ''સે'વાસ હવે માણો !''

આંબાની ગોટલીમાં શેકાતો બાફ એવો
લાય-લાય મૂંઝારો વેઠું,
દખણાદા વાયરા તો એવા વીંઝાયા કે
ચોમાસું આંખોમાં પેઠું.

સૂપડું ભરીને મેં તો ઉપણ્યા છે શ્વાસ અને
ઢાંકી છે ફોતરાથી શેરી,
કજિયો લઈ આવી છે નવરી બપ્પોર આ તો
વાયરા કે પરભવનાં વેરી.

નેવાંના નળિયાને મોભારે કીધું કે,
''બેસ હવે છાનું માનું હેઠું !''
દખણાદા વાયરા તો એવા વીંઝાયા કે
ચોમાસું આંખોમાં પેઠું.

૨.

છંદોલયની છદ્મવિભૂષિત છિન્નભિન્નતા ઓઢી,
પડી-આખડી કલમકુંવરી પૃષ્ઠપલંગે પોઢી.
થોકબંધ થાકોડા ચાવે દિગ્દિગંતની દાઢો,
રોમરોમથી રેલે ધસમસ અંતહીન આષાઢો.

પંડિત ! કિત્તા તૂટી ગયા છે,
પંડિત ! ખડિયા ફૂટી ગયા છે,
પંડિત ! તારી શ્રાન્ત કવિતા ખલતામાં ખોવાઈ ચૂકી છે.
નીકળી જા ચૂપચાપ અહીંથી.

કોની મંજુલ શબ્દશલાકા કર્ણરંધ્રમાં પેઠી !
ક્યા દૃશ્યના છાંયે દૃષ્ટિ હાશ કરીને બેઠી !
ક્યારે ઉજ્જડ ભોંય ભીતરની ભેદી તરણાં ફૂટ્યાં !
ક્યાંથી લીલાકાચ ઉમળકા લોહી વીંધતા છૂટ્યા !

પંડિત ! પડઘા પ્રેત થયા છે,
પંડિત ! પર્વત રેત થયા છે,
પંડિત ! તારી કલાન્ત કવિતા તડકામાં તરડાઈ ચૂકી છે,
નીકળી જા ચૂપચાપ અહીંથી.

ગળચટ્ટા આસ્વાદ ગગનમાં આમતેમ કંઈ ઊડે,
સિસૃક્ષાની ગહનગર્તમાં આત્મવંચના બૂડે,
ભાષાની ભઠિયાર ગલીમાં મત્ત વિવેચક ટોળું,
સતનું શાક ચઢાવી ઓરે મતનું આખું કોળું.

પંડિત ! જે જે ભીંત ભૂલ્યા છે,
પંડિત ! એના ભેદ ખૂલ્યા છે,
પંડિત ! તારી ભ્રાન્ત કવિતા સમજુને સમજાઈ ચૂકી છે.
નીકળી જા ચૂપચાપ અહીંથી.

૩.

મારે આ મારા મૂંઝારાના બીજ હવે
આટલામાં ક્યાંય નથી વેરવાં,
તારે પણ તારા જે ખાલીપા હોય એને
આઘે આઘે જઈ ખંખેરવા.

તારી એકલતા જે કરશે એ કરશે પણ
મારું એકાંત મને ખાશે,
બીજું તો ઠીક પછી ચારેબાજુથી નર્યા
સૂનકારા-સૂનકારા વાશે.

કોણ જાણે કેટલા ઉજાગરાનું ભમ્મરિયું
ઘેન હવે આવ્યું છે ઘેરવા,
મારે આ મારા મૂંઝારાના બીજ હવે
આટલામાં ક્યાંય નથી વેરવાં.

સગ્ગી આંખે તે કેમ જોવાશે અધવચ્ચે
ફંટાતી સહિયારી કેડી,
એવું પણ થાય કદી આપણને દાટી દે
આપણાં જ સપનાંની મેડી,

હોઈએ ને દેખાતા થઈ જઈએ બંધ હવે
એવા સંબંધ નથી પ્હેરવા,
મારે આ મારા મૂંઝારાના બીજ હવે
આટલામાં ક્યાંય નથી વેરવાં.

## ૧૮. જિતુ નાયક

(૧૦-૭-૧૯૭૬)

### પતંગિયું

પતંગિયું એટલે આળસનો ત્યાગ,
મહેનત એ જ જીવન.

પતંગિયું એટલે મેઘધનુષ્યનાં રંગો,
રંગોથી ભરપૂર જીવન.

પતંગિયું એટલે મધુર રસ પાન,
મીઠાશ ભરેલું જીવન.

પતંગિયું એટલે સદાય પ્રસન્ન ચિત્ત,
ચિંતામુક્ત જીવન.

પતંગિયું એટલે જિંદાદિલી જિંદગી,
નાનું-બેમિસાલ જીવન.

## ૧૯. ખોડાભાઈ બી. પટેલ 'ધર્મેશ'

(૩૧-૭-૧૯૭૬)

### ૧. 'મા' ધરતી ને 'પિતા' આકાશ

'મા' ધરતી ને 'પિતા' આકાશ
બીજો બધો નકામો આભાસ

એમના થકી અવતરિયા
નિરાંતે લીધો પહેલો શ્વાસ

આંગળી પકડી મોટા કર્યા
રહ્યા સદા આપણી પાસ

કરી બાળપણને યાદ
ઘડપણમાં પૂરીએ આશ

'ધર્મેશ' માવતર સેવાથી
કરીને જીવનમાં ઉજાશ.

### ૨. કવિતા

શબ્દોથી ગૂંથેલો હાર છે કવિતા
કવિની કલમે ટપકેલો પ્યાર છે કવિતા
ક્યાંક વેદના તો ક્યાંક સંવેદનાના સૂર,
ગુજરાતી ભાષાનો શણગાર છે કવિતા
ગાગરમાં સાગર સમાવવાની ક્ષમતા,
ભાષાપ્રેમીઓ સાથેનો વ્યવહાર છે કવિતા
ગમતાનો ગુલાલ ને પાકેલો ફાલ,
વેધક શબ્દોરૂપી તલવાર છે કવિતા
સાચે જ કવિતા તો વહેતી સરિતા,
'ધર્મેશ' જીવનનો આધાર છે કવિતા.

## ૨૦. ડૉ. વિષ્ણુ પ્રજાપતિ

(૧૨-૪-૧૯૭૮)

### ૧. એ કાયમને યાદ રહી જાય...

અણધાર્યું આવીને કોઈ એમ જ,
**I Love You** કહી જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

વ્યસ્તતાનો અસ્ત થતાં પહેલા,
સમી સાંજે આલિંગન દઈ જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

ભીડભાડમાં પણ ભરોસાની,
એક તિરછી નજર દઈ જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

રેતાળ રુક્ષ જિંદગીના રણમાં,
કોઈ મીઠું ઝરણું બની વહી જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

આવે વસંતના વાયરાની જેમ,
ને હક્કથી કહે, ક્યાંય નહીં જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

ધાર્યું હતું કે ધબ્બો મારશે,
ને પીઠ પર ખંજર ભોંકી જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

ભૂલો બધી માફ, ને દિલ રાખે સાફ,
મિત્રતાની આ નવી ઓળખ દઈ જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

સુખના સરવાળામાં શૂન્ય રહે,
ને દુઃખમાં ભાગફળ બની જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

ભૂલો બધી માફ, ને દિલ રાખે સાફ,
મિત્રતાની આ નવી ઓળખ દઈ જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

અણધાર્યું આવીને કોઈ એમ જ,
**I Love You** કહી જાય, ત્યારે એ કાયમને યાદ રહી જાય.

## ૨. વાદળનેય કોઈ ગમી ગયું હશે

વાદળનેય કોઈ ગમી ગયું હશે.
એટલે જ ભર ઉનાળે નમી ગયું હશે.
ન વરસે કોઈ આમ વૈશાખમાં,
લાગે છે કોઈ રમત રમી ગયું હશે.
માવઠું થઈ ક્યાં કોઈને અણગમતું થવું ગમે ?
વેદનાની વરાળમાં એય ઝમી ગયું હશે.
વરસવું કે તરસવું મૂંઝવણ હશે કેટલી ?
આખરે કંઈ કેટલુંયે અંદર જ શમી ગયું હશે.

## ૩. બે કિનારા

બે કિનારા કોઈ દિ' મળ્યાં નથી, એથી જ કોઈ દિ' લડ્યા નથી.
સામે જ બધું દેખાય લીલુંછમ, એવી પળોજણમાં પડ્યા નથી.
ઘસારો તો રોજ છે વહેણનો, પાણીને તોય એ નડ્યા નથી.
રાખે તરબતર ખુદ સૂકાઈને, આજે એવા સૌને મળ્યાં નથી.
વહી જશે બધું એ જાણે છે, એથી જ કોઈ દિ' રડ્યા નથી.
જુદાઈની જીદમાં જીવન જીવે છે, ચાલે છે સાથે ને તોય અડ્યાં નથી.

## ૨૧. ડૉ. હર્ષદ સોલંકી

(૨૧-૮-૧૯૭૯)

### દસ ગઝલ

(૧)

ભાષા ન કામ આવી; ના ભાવ કામ આવ્યો,
એક ચોટ કામ આવી, એક ઘાવ કામ આવ્યો !

નીવડ્યું બધું નકામું ત્યારે મને અચાનક,
એના વિશેનો મારો સદ્‌ભાવ કામ આવ્યો !

મારે ચઢાણ આવ્યું છે કામ દર વખત ને,
ઢળવું હતું તો એને ઢોળાવ કામ આવ્યો !

મારી હકીકતો ના ક્યારેય કામ આવી,
ને એમને બધાને દેખાવ કામ આવ્યો !

ઉન્નત ઊભાં રહ્યાં જે એ ધ્વસ્ત થઈ ગયાં ને,
ઝૂકી ગયાં એ સૌને ઝુકાવ કામ આવ્યો !

(૨)

જાણું છું : ગુસ્તાખી છે પણ આ હરકતને ધ્યાને લેજો !
લખ્યા નથીં મેં કદીય તમને એ સૌ ખતને ધ્યાને લેજો !

મેં તો તમને એમ કહ્યું કે કેવળ મારો મત પૂછી લ્યો !
મેં કયાં તમને એમ કહ્યું કે મારા મતને ધ્યાને લેજો !

ચડી રહ્યા છો ઊંચે એનો વાંધો તો સે’જેય નથી પણ,
સ્હેજ ઉપર જોઈને ઘરની જર્જર છતને ધ્યાને લેજો !

તમે ધ્યાનમાં લીધા કેવળ પરગટ ને પરમાણિત છે જે,
હજી સુધી ના પ્રગટ્યા છે એવા પણ સતને ધ્યાને લેજો !

આંખોમાંથી રાત-દિવસ રેલાતી ઝંખાને અવગણજો,
પણ અંદર વર્ષોથી ઊભરાતી આરતને ધ્યાને લેજો !

(૩)

આમ તો સામે જ હોઈશ તોય દેખાઈશ નહીં !
હું હવડ ખંડેરની છું ગંધ- સમજાઈશ નહીં !
હું યુગો જૂના કોઈ પથ્થર ઉપરનો લેખ છું,
હું હજી યુગો સુધી પૂરો ઉકેલાઇશ નહીં !
ઉચ્ચરાઈશ હું પ્રથમ ઉત્તર રૂપે ને એ પછી,
પ્રશ્ન રૂપે હું હજારો વર્ષ પૂછાઇશ નહીં !
ને પછી માયાવી મૃગ થઈને ફરી આવી ચડીશ,
તું ફરી દોડીશ પકડવા ને હું પકડાઇશ નહીં !
ચક્રનો અવતાર છું - ફરતો રહીશ ફરતો રહીશ,
સ્તંભ સ્મરણોનો થઈને ક્યાંય ખોડાઇશ નહીં !
હું વણજની વસ નથી, વેપારમાં વાવર ન તું,
હું કવિનો શબ્દ છું હું વ્યર્થ વપરાઈશ નહીં !
મન નથી મોતી નથી હું કુંભ કે દર્પણ નથી,
ને છતાં ફૂટી ગયો તો જોડ્યો જોડાઈશ નહીં !

(૪)

સ્હેજ પણ સમજાય એવી ક્યાં હતી !
જિંદગી જીવાય એવી ક્યાં હતી !
રાતને તો દોસ્ત ! રોકી લેત પણ,
વાત પૂરી થાય એવી ક્યાં હતી !
ખીણ કે જે આપણી વચ્ચે હતી,
દોસ્ત ! ઓળંગાય એવી ક્યાં હતી !
જે મને લઈ જાત મારા લગ કદી,
એ સફર ખેડાય એવી ક્યાં હતી !
રાતભર જાગી લખી છે એ કથા,
કોઈને કહેવાય એવી ક્યાં હતી !

(૫)

લાભ-શુભ ક્યારેક રેલાતા હતા આ બારણે એ વાતને તો એક અરસો થઈ ગયો,
આવતા'તા છાંયડા મારાય ઘરના આંગણે એ વાતને તો એક અરસો થઈ ગયો.

આજ કુંડામાં તરસ કણસ્યા કરે છે એકધારી કૈંક વરસોથી વળીને ગૂંચડું,
હા, કદી ભીનાશ મઘમઘતી હતી આ ખામણે એ વાતને તો એક અરસો થઈ ગયો.

વૃક્ષના થડ પર લખ્યા'તા નામ ને એ વૃક્ષના ટેકે ઘડી બેઠા હતા ને એ પછી,
એક ઘેરું મૌન લઈ છૂટા પડ્યા'તા આપણે એ વાતને તો એક અરસો થઈ ગયો.

આંગળીઓના ટેરવે બાઝેલ આછી યાદના ટેકે દિવસ આખો ગુજરતો'તો કદી
રાત પણ વતી જતી'તી એટલા સંભારણે એ વાતને તો એક અરસો થઈ ગયો.

આપણે રસ્તા, નદી, દરિયા, પહાડો, જંગલો, આકાશ, ધરતી, ચંદ્ર, તારા ને સૂરજ,
હોંશપૂર્વક એ બધું બાંધ્યું'તું કાચા તાંતણે એ વાતને તો એક અરસો થઈ ગયો.

(૬)

કોઈ મારું નામ પાડો; કોઈ બોલાવો મને !
બારણું છું; એય પાછું બંધ, ખખડાવો મને !

સાત મૃત્યુ-સાત જન્મો બાદ પણ તરસ્યો જ છું,
કંઈક ખોબામાં ભરી લાવો ને પિવડાવો મને !

કેટલા અવશેષ સ્મરણોના દફન છે આજ પણ,
છું પુરાતન કાળનું ખંડેર- ખોદાવો મને !

અર્થ પણ ભૂલી ગયો છું હું અડકવાનો હવે,
ક્યાંથી શોધીને મારો હાથ પકડાવો મને !

ક્યાંક મારામાં ગળાવો વાવ વણઝારી હવે,
ને પછી એમાં જ રંગેચંગે પધરાવો મને !

જે સમજની બા'ર છે એ તો બધું સમજી ગયો,
જે સરળથી પણ સરળ છે એ જ સમજાવો મને !

ઊંબરે લાવી મને મૂકો; વખત છે સાંજનો,
વાટ સંકોરો, પૂરીને તેલ પેટાવો મને !

(૭)

ગવાયો નાગરોના ઘરમાં જેવો પાનનો મહિમા !
અમે એવી રીતે ગાયો ભૂલેલા ભાનનો મહિમા !

તમે ગાતા રહ્યાં'તા દ્વારનો મહિમા દિવસભર ને,
અમે પણ રાતભર ગાતા રહ્યા દરવાનનો મહિમા !

રથી કરતાં વધારે રથનો મહિમા ગાઓ કારણ કે,
અહીં તલવાર કરતાં પણ વધું છે મ્યાનનો મહિમા !

તમારી આંખમાં જોવા મળ્યું તોફાન દરિયાનું,
અમારી આંખમાં જોવા મળ્યો તોફાનનો મહિમા !

પ્રથમ ધીમે ધીમે વધતો ગયો'તો ધનનો મહિમા ને,
પછી ધીમે ધીમે ઘટતો ગયો છે ધાનનો મહિમા !

(૮)

આંખો તું નીચે ઢાળીને સ્હેજ હસશે હમણાં !
પરીઓનું એક ટોળું આવી ઉતરશે હમણાં !

તું થાંભલીનો ટેકો લઈને ઘડીક બેસીશ,
ત્યાં રાજહંસ આવીને ચારો ચરશે હમણાં !

તું ઝાડ નીચે આવીને બેસ બે ઘડી બસ,
તો કાલિદાસ પોતે કવિતાઓ લખશે હમણાં !

જિહ્વા થકી તું વાણી વહાવ થોડી,
વિદ્વાન વેદની ત્યાં ઋચાઓ વદશે હમણાં !

તારી નજર પડે તો વાદળ ઘેરાઈ જાશે,
તું ઈચ્છશે તો નભમાં વીજળી ચમકશે હમણાં !

(૯)

ચૂમી શકો તો એનું માથું સહેજ ચૂમજો !
એની કહાણી સાચી છે, ધ્યાન દઈને સુણજો !

કંઈ પૂછતા નહીં એને ભૂખના વિષયમાં,
પણ એને શું તરસ છે એ તો જરૂર પૂછજો !

એની અપેક્ષા કેવળ ચપટીક હૂંફની છે,
બસ આંગળીથી એના આંસુ કદીક લૂછજો !

હમણાંથી એની તબિયત સારી નથી રહેતી,
હમણાં એને ઘડીઘર પણ એકલો ના મૂકજો !

એ તમને દ્વાર માનીને ક્યારનો બેઠો છે,
એ જો ટકોરો મારેને તો તમેય ખૂલજો !

(૧૦)

એવું નથી કે કેવળ તબિયત ખરાબ છે !
સાચું કહું તો મારું કિસ્મત ખરાબ છે !

મારી ભીતર બેઠેલો રાજા ઘણો છે સારો,
મારી ભીતર બેઠેલી રૈયત ખરાબ છે !

તારી મને મળી એ સોબત તો શ્રેષ્ઠ છે પણ,
મારી તને મળી એ સંગત ખરાબ છે !

હું તો ખરાબ મારી આ જાતને કહું છું,
મેં ક્યાં કહ્યું કે તારી ખલકત ખરાબ છે !

અકબંધ હું ખરેખર તો ફક્ત બા'રથી છું,
અંદર નજર કરી જો, હાલત ખરાબ છે !

## ૨૨. ડૉ. ધર્મેન્દ્ર પટેલ

(૧-૦૯-૧૯૭૯)

### ૧. ટોળું થઈ જા...

સાવ ખોટ્ટી વાત નાંખી ટોળું થઈ જા,
લોકવચ્ચે જાત નાંખી નાંખી ટોળું થઈ જા.

જૂઠ મૂકી દે વહેતું અને પછી ત્યાં,
કો'ક નોખી ભાત નાંખી ટોળું થઈ જા.

એકલાનું કાંઈ ઉપજે ના જગતમાં,
ગામની પંચાત નાંખી ટોળું થઈ જા.

ઈચ્છતો સુખ હોય તો વાઘા ત્યજી દે,
ગટરમાં એકાંત નાંખી ટોળું થઈ જા.

### ૨. સંઘરી રાખજો...

હોઠથી ભીંસને સંઘરી રાખજો,
મુઠ્ઠીમાં રીસને સંઘરી રાખજો.

સૌ હિસાબો થશે સમય આવ્યા પછી,
કંઠમાં ચીસને સંઘરી રાખજો.

પીઠ પર જુલ્મના ઘાવને ઢાંકતા,
જર્જર ખમીસને સંઘરી રાખજો.

દુઃખનું તાપણું કરવા ખિસ્સા મહીં,
એક માચીસને સંઘરી રાખજો.

પ્રેમના ભાવ તાજા રહે એટલે,
ઉંમર પચીસને સંઘરી રાખજો.

## ૩. શબ્દ મારો બોલશે...

લાજ છોડી શબ્દ મારો બોલશે
ભેદ તોડી શબ્દ મારો બોલશે.

શબ્દ તાતું તીર છે, સમજી જજો,
જાવ દોડી, શબ્દ મારો બોલશે.

ક્યાં ગુલામીની મને આદત હતી ?
ખડ્ગ ખોડી, શબ્દ મારો બોલશે.

આ તમારી સૌ દીવાલો કૂદતો,
જાત જોડી, શબ્દ મારો બોલશે.

બોલશે કિતાબમાં પૂર્યા પછી,
શાહી થોડી ? શબ્દ મારો બોલશે.

## ૪. હરિ કરે તે થાય ભૈ !

સ્વપ્ન પાકે ના નીંભાડે, હરિ કરે તે થાય ભૈ !
દળ ભલે આવ્યું સીમાડે, હરિ કરે તે થાય ભૈ !

ભ્રમ તારી અમીરીનો તરત ભાંગી જશે,
કો'ક ડોકાશે તિરાડે, હરિ કરે તે થાય ભૈ !

ક્યાં કશું છે તારું કે આમ બેઠો હઠ કરી,
ગામ વચ્ચે છો બરાડે, હરિ કરે તે થાય ભૈ !

દેહને કેવો તું શણગારે રહેવા કાયમી,
શ્વાસ પણ લેવાય ભાડે, હરિ કરે તે થાય ભૈ !

નગર તો આખું હવે લૂંટાઈ રહ્યું છે શ્વાસનું,
હાથ ગઢ પર ક્યાં પછાડે, હરિ કરે તે થાય ભૈ !

## ૫. મથામણ સાવ ખોટી...

આયનામાં સૌ ચહેરા શોધવાની આ મથામણ સાવ ખોટી,
હાથ બાંધી ગાંઠ જૂની છોડવાની આ મથામણ સાવ ખોટી.

જો ગમે છે સાથ સૌનો, ને ગમે છે રોજ સાથે બેસવું તો,
સંબંધોની કેદ ગમતી તોડવાની આ મથામણ સાવ ખોટી.

તૂટ છે તારા ચહેરામાં જ, એ તો જો જરા ઝીણી નજરથી,
આયનાનાં કાચ તૂટ્યાં જોડવાની આ મથામણ સાવ ખોટી.

રણ હરણ સામે અને મૃગજળ નજરને તરસ આપી દોડ આપે,
શ્વાસ છાતીમાં ભરીને દોડવાની આ મથામણ સાવ ખોટી.

નાવ દરિયાનાં મોજાં વચ્ચે ફસાઈ છે, ફંગોળાઈ રહી છે,
રોજ પરપોટા ગણીને ફોડવાની આ મથામણ સાવ ખોટી.

## ૬. સૉરી બોલ...

છડેચોક તું સાચું બોલ્યો, સૉરી બોલ,
સાચા પક્ષે ન્યાય જ તોલ્યો, સૉરી બોલ.

ભેદભરેલો આ દરવાજો સૈકા જૂનો,
છાની કળથી તૂર્ત જ ખોલ્યો, સૉરી બોલ.

અજવાળાને ખાઈ બેઠો કાળો ડુંગર,
ક્યા રંધે, ક્યાંથી છોલ્યો, સૉરી બોલ.

કેફ શાનો ? શું તે પીધું ? આ સભામાં,
મસ્ત થઈને કેવો ડોલ્યો ! સૉરી બોલ.

## ૭. અમારી પીડા અમે જાણીએ...

શું વાંચીએ ને શું બોલીએ ? અમારી પીડા અમે જાણીએ,
હવે આ હૃદય શું ખોલીએ ? અમારી પીડા અમે જાણીએ.

બધે થર પર થર અહીં ઊગ્યા વેદનાના ત્યારે બની લાચાર,
હવે એ સૌ કેમ છોલીએ ? અમારી પીડા અમે જાણીએ.

કદી ભારેખમ અને હળવા સૌ, વળી ઝાઝા સ્વાર્થભર્યા કાયમ,
સંબંધોને કેમ તોલીએ ? અમારી પીડા અમે જાણીએ.

## ૨૩. ઇશ્વરસિંહ ચૌહાણ

(૧-૭-૭૯)

### હું જાણવા ઇચ્છું છું

મારા ખેતર સુધી આવતા આવતા
કેમ સૂકાઈ જાય છે નદી ?
મારી ઓરડીમાં
સૂરજ કેમ ડોકિયું કરતો નથી ?
અમારા સપનાં
કોની ધાડના શિકાર થયા ?
હું જાણવા ઈચ્છું છું

અમારી સ્લેટ કોરી કેમ રહી જાય છે ?
શબ્દ કેમ ઉતરતાં શરમાય છે
અમારી સ્લેટ પર ?
અમારી વસ્તીના આકાશે
આઠો પ્રહર કેમ રહે છે
ગીધડાંની ગસ્ત ?
હું જાણવા ઈચ્છું છું

અમારા ઢોરોનો સુખો ચારો
કોણ ચાટી ગયું
ગૌચર સાથે ?
અમારી ઊંઘની કોને ખપત હતી ?
અમારા ચીંથડા જેવા વસ્ત્રો
કોને પસંદ આવ્યા ?
અમારી થાળીની રાગી
કોણ હજમ કરી ગયું ?
હું જાણવા ઈચ્છું છું

અમારો વિધાતા કોણ છે ?
કોણે ઉકેલી છે
અમારી હથેલીમાં
ભાગ્યરેખા ?
હું માત્ર એટલું જાણવા ઈચ્છું છું
આમાં તારી શું ભૂમિકા છે, મારા રાજા ?


કાવ્ય-કડી